# AWP

## PROVISIONAL ANSWER KEY (CBRT)

| | |
|---|---|
| **Name of the post** | **Assistant Professor, Gujarati Method, in Gov. B.Ed. College, GES, Class-2** |
| **Advertisement No.** | **49/2020-21** |
| **Preliminary Test held on** | **10-08-2021** |
| **Question No** | **001-300** |
| **Publish Date** | **11-08-2021** |
| **Last Date to Send Suggestion(s)** | **18-08-2021** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 12-08-2021; 04:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : http://150.129.165.5/GPSC_Suggestion/**

001. વ્યક્તિત્વ અંગેનો સર્વસંમત ખ્યાલ કયો છે ?

(A) વ્યક્તિત્વ અનુવંશ અને વાતાવરણની આંતરપ્રક્રિયાનો પરિપાક છે.

(B) વ્યક્તિગત ભિન્નતા દ્વારા વ્યક્તિત્વ સમજી શકાય છે.

(C) સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણથી વ્યક્તિત્વ ઘડાય છે.

(D) શારીરિક અને સાંવેગિક લક્ષણોનો સમન્વય એટલે વ્યક્તિત્વ.

002. આદિપ્રતિમાન (archetypes) નો ખ્યાલ કોણે રજૂ કર્યો છે ?

(A) એરિક્સન (B) યુંગ

(C) સ્ટર્નબર્ગ (D) રોજર્સ

003. ગિલ્ફોર્ડના બુદ્ધિના મોડેલ અનુસાર નીપજો કઈ છે ?

(A) સંબંધો, પરિવર્તનો, પ્રણાલિઓ (B) ફલિતાર્થો, મૂલ્યાંકનો, સ્મૃતિધારણ

(C) વર્ગો, સંકેતો, પ્રણાલિઓ (D) વર્તનો, મૂલ્યાંકનો, બોધ

004. નીચેના પૈકી કઈ માન્યતા હોવાર્ડ ગાર્ડનરની નથી ?

(A) બુદ્ધિ પ્રેરણાત્મક પરિબળોની નીપજ છે.

(B) બુદ્ધિને જીવાશાસ્ત્રીય આધારો છે.

(C) બુદ્ધિમાં સાંસ્કૃતિક રીતે મહત્ત્વ ધરાવતાં કૌશલોનો સમાવેશ થાય છે.

(D) વિકેન્દ્રિત ચિંતન દ્વારા વ્યક્તિની બુદ્ધિ સક્રિય થાય છે.

005. ઝ્યાં પિઆજેના સંદર્ભમાં – 'પ્રથમ વખત જોવામાં આવેલી ષટ્કોણની આકૃતિને અધ્યેતા અગાઉ જોયેલા આકારો સાથે સરખાવે છે.' – અધ્યયનની આ ક્રિયાને શું કહેવાય ?

(A) સંગઠન (B) રૂપાંતર

(C) પરિપાચન (D) જ્ઞાનાત્મક સંરચના

006. 'દરેક અસીલમાં સ્વ-વાસ્તવિકરણની શક્તિ હોય છે.' – કયા સલાહકાર આવી માન્યતા ધરાવે છે ?

(A) વિલિયમસન (B) અબ્રાહમ મેસ્લો

(C) કાર્લ રોજર્સ (D) આલ્બર્ટ એલિસ

007. કયું જોડકું સાચું છે ?

(A) શાસ્ત્રીય અભિસંધાન – હંમેશા વર્ધમાન

(B) પ્રયત્ન-ભૂલ અધ્યયન – ટેવનું નિર્માણ

(C) આંતરસૂઝ અધ્યયન – પ્રત્યક્ષીકરણમાં સ્થિરતા

(D) કારક અભિસંધાન – સજીવની સક્રિય પહેલ

008. કયું પરિબળ અપાનુકૂલનને પોષક નથી ?

(A) તણાવ-સહિષ્ણુતા (B) નિમ્ન સ્વ-સંકલ્પના

(C) ઉચ્ચતર મહત્ત્વાકાંક્ષા (D) અનિર્ણાયકતા

009. માર્ગદર્શન અને સલાહનો ભેદ-દર્શક મુદ્દો કયો છે ?

(A) પારસ્પરિક માહિતીની આપ-લે (B) લેનાર અને આપનાર વચ્ચેના સંબંધનું મહત્ત્વ

(C) કારકિર્દી અને આજીવિકા સાથેનો સંબંધ (D) અભિયોગ્યતા આધારિત પ્રક્રિયા

010. કઈ પદ્ધતિ આઈઝેન્કની દેન છે ?

(A) મનોઝંઝાવાત (B) ઘટક વિશ્લેષણ

(C) સાંયોગિક અભિપ્રેરણા (D) શબ્દ સાહચર્ય

011. સલાહના તર્કનિષ્ઠ અભિગમની મૂળ ધારણા કઈ છે ?

(A) સારી લાગતી ઘટનાઓ વિશેની આપણી વિચારણા તાર્કિક હોય છે.

(B) નકારાત્મક ઘટનાઓ અતાર્કિક વિચારણા સર્જે છે.

(C) વર્તનનું પરિણામ તાર્કિક વિચારણા છે.

(D) અતાર્કિક વિચારણાના કારણે નકારાત્મક લાગણીઓ સર્જાય છે.

012. ''શિક્ષણ એ ફિલસૂફીની ગત્યાત્મક બાજુ છે.'' આ વિધાનો સૌથી નજીકનો અર્થ કયો છે ?

(A) શિક્ષણ એક ગતિમાન ખ્યાલ છે, એમાંથી ફિલસૂફી નિષ્પન્ન થાય છે.

(B) શિક્ષણ અને ફિલસૂફી બંને મનુષ્યજીવનને ગતિશીલ બનાવે છે.

(C) ફિલસૂફીની બીજી બાજુ એટલે શિક્ષણ.

(D) ફિલસૂફીને વ્યવહારમાં મૂકવામાં આવે ત્યારે તે શિક્ષણ બને છે.

013. જ્ઞાન વિશેનું કયું જોડકું સાચું છે ?

(A) જ્ઞાન અનાત્મલક્ષી છે – અસ્તિત્વવાદ (B) જ્ઞાન આંતરક્રિયાત્મક છે – વાસ્તવવાદ

(C) જ્ઞાન અંતઃસ્ફુરણાત્મક છે – આદર્શવાદ (D) જ્ઞાન શાશ્વત છે – વ્યવહારવાદ

014. સાંખ્યદર્શન અનુસાર કયું વિધાન યોગ્ય છે ?

(A) બાળવિકાસનું સર્વોચ્ચ શિખર બુદ્ધિ અથવા મહત્‌નો વિકાસ છે.

(B) બાળક મન દ્વારા નિર્ણય કરીને બુદ્ધિ અથવા મહત્‌નો વિકાસ કરે છે.

(C) ચિત્તવૃત્તિઓ સંયમિત કરવાથી મનની શક્તિઓ સક્રિય થાય - તે જ બુદ્ધિ અથવા મહત્‌

(D) વિવેકશક્તિ કેળવવા માટે શિક્ષણમાં પ્રકૃતિની મદદ લેવી જોઈએ.

015. અષ્ટાંગ યોગમાં શાનો સમાવેશ થતો નથી ?

(A) પ્રતિક્રમણ (B) ધારણા

(C) યમ (D) પ્રત્યાહાર

016. નીતિ-શિક્ષણના માધ્યમ તરીકે ગિજુભાઈ શાની તરફેણ કરે છે ?

(A) બાળવાર્તાઓ તથા નાટિકાઓ (B) માતાપિતા દ્વારા મળતું માર્ગદર્શન

(C) બાળકની સ્વયં-સ્ફુરણા (D) કુદરત સાથે બાળકોનો સંસર્ગ

017. બંધારણીય મૂલ્ય તરીકે સમાજવાદી વિચારણા શાની સાથે નિસબત ધરાવે છે ?

(A) સંપત્તિના વિતરણ માટે સરકારની સક્રિય ભૂમિકા

(B) પર્યાપ્ત આજીવિકાનો અધિકાર

(C) આર્થિક વિકાસમાં સૌની સમાન ભાગીદારી

(D) સામાજિક ગતિશીલતા દ્વારા વિકાસની સમતા જાળવવી.

018. ''ભારતના આધ્યાત્મિક વારસાની સમજ ધરાવતી અને દેશની સાંસ્કૃતિક એકતાની કદર કરતી વ્યક્તિઓ તૈયાર કરવાનો હેતુ ઉચ્ચ શિક્ષણનો છે.'' – આ અપેક્ષા શામાં વ્યક્ત થયેલી છે ?

(A) કોઠારી કમિશન (B) ભારતનું બંધારણ

(C) રાધાકૃષ્ણ કમિશન (D) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ - 1986

019. જે. કૃષ્ણમૂર્તિના મંતવ્ય અનુસાર 'શિક્ષણમાં આદર્શોને કોઈ સ્થાન નથી.' તેઓ આ માટે કયું સ્પષ્ટીકરણ આપે છે ?

(A) આદર્શો વ્યક્તિગત તફાવતોને નકારે છે.

(B) આદર્શો ભૂતકાળલક્ષી હોય છે તેથી વર્તમાનની સમજને અવરોધે છે.

(C) આદર્શો વ્યક્તિને દંભી બનાવે છે.

(D) દરેક વ્યક્તિ સ્વયં બીજા માટે આદર્શરૂપ બનવાની આંતરિક શક્તિ ધરાવે છે.

020. 1986 ની શિક્ષણનીતિમાં પ્રોગ્રામ ઓફ એક્શન દ્વારા સૂચવાયેલા ફેરફારોના કારણે કયો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો ?

(A) શિક્ષક પસંદગી માટેની પરીક્ષાઓ
(B) નિરંતર શિક્ષણ
(C) એકેડેમિક સ્ટાફ કોલેજ
(D) મધ્યાહ્ન ભોજન યોજના

021. દયાનંદ સરસ્વતી કયા પ્રકારના શિક્ષણનો વિરોધ કરે છે ?

(A) સહશિક્ષણ
(B) સ્ત્રી શિક્ષણ
(C) બ્રહ્મચર્યનું શિક્ષણ
(D) વ્યાકરણ શિક્ષણ

022. તત્ત્વજ્ઞાનમાં સમાવિષ્ટ વિચારશાખાઓ દર્શાવતો વિકલ્પ કયો છે ?

(A) મૂલ્યમીમાંસા, જ્ઞાનમીમાંસા, શિક્ષણમીમાંસા
(B) શિક્ષણમીમાંસા, તત્ત્વમીમાંસા, જીવનમીમાંસા
(C) અધ્યયનમીમાંસા, મૂલ્યમીમાંસા, આચરણમીમાંસા
(D) સૌંદર્યમીમાંસા, મૂલ્યમીમાંસા, તત્ત્વમીમાંસા

023. ઈ.સ. 1916 માં પ્રકાશિત થયેલા 'Democracy and Education' નામના પુસ્તકના લેખક કોણ છે ?

(A) બર્ટ્રાન્ડ રસેલ
(B) જ્હોન ડ્યૂઈ
(C) ઝ્યાં પૉલ સાર્ત્ર
(D) શ્રી અરવિંદ

024. જ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?

(A) સંદેહાત્મક
(B) પ્રયોગાત્મક
(C) વિભાવનાત્મક
(D) તથ્યાત્મક

025. કઈ બાબત માહિતીને લાગુ પડતી નથી ?

(A) અસંદિગ્ધતા
(B) આત્મલક્ષિતા
(C) અર્થપૂર્ણ સંદેશ
(D) પ્રક્રિયા કરેલો પ્રદત્ત (ડેટા)

026. જ્ઞાનના નિર્માણમાં કયા કયા પરિબળોનો સમાવેશ થાય ?

(i) પરિસ્થિતિની પરખ
(ii) પુસ્તકોનું વાંચન
(iii) ઈન્ટરનેટ પરની માહિતી
(iv) અનુભવોની વહેંચણી
(v) આંતરસૂઝ
(vi) સફળતા-નિષ્ફળતા પર ચિંતન

(A) i, ii, iii
(B) i, iv, v
(C) ii, iii, vi
(D) iii, iv, v

027. અભ્યાસક્રમનું હાર્દ કયું છે ?

(A) અદ્યતન પાઠ્યક્રમ
(B) શિક્ષકના માર્ગદર્શન હેઠળ અધ્યેતાના અનુભવો
(C) ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકો
(D) ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ

028. આઝાદીના લડવૈયાઓ પૈકી સુભાષચંદ્ર બોઝ વિશે વાત કરતી વેળા ઈતિહાસના શિક્ષક રંગમાં આવી જાય છે, ને ગર્વ અનુભવે છે. વિદ્યાર્થીઓ આ બાબતની નોંધ પણ લે છે. – આ ઘટના શાની સાથે સંકળાયેલી છે ?

(A) ગર્ભિત અભ્યાસક્રમ
(B) અનુભવકેન્દ્રી અભ્યાસક્રમ
(C) હેતુ-કેન્દ્રિત અભ્યાસક્રમ
(D) વિષયવસ્તુકેન્દ્રિત અભ્યાસક્રમ

029. જ્ઞાન-આધારિત અભ્યાસક્રમ રચનામાં કઈ બાબતની વિશેષ કાળજી લેવાવી જોઈએ ?

(A) વિવિધ વિદ્યાશાખા વચ્ચે થતું જ્ઞાન-સંક્રમણ
(B) તજ્જ્ઞો દ્વારા જ્ઞાનનું અસરકારક પ્રત્યાયન
(C) વિદ્યાશાખાની સીમા અંતર્ગત જ્ઞાન-નિર્માણ
(D) પ્રત્યેક વિદ્યાશાખાના જ્ઞાનની શુદ્ધતાની જાળવણી

030. અભ્યાસક્રમના અભિગમો વિશેનું કયું જોડકું સાચું છે ?

(A) રાજનીતિવાદી : મહત્તમ વસતિજૂથોનો સમાવેશ

(B) તંત્ર-વહીવટી : લોકતાંત્રિક અનુભવો

(C) મનોવૈજ્ઞાનિક : અધ્યેતાનું મનોમાપન

(D) બૌદ્ધિક શૈક્ષણિક : તરેહો શોધવી, તારણો કાઢવાં

031. જે અભ્યાસક્રમમાં પ્રાકૃતિક વિજ્ઞાનો, અવલોકન તથા તર્કનિષ્ઠાને મહત્ત્વનું સ્થાન હોય તે અભ્યાસક્રમ કઈ તાત્ત્વિક વિચારધારાને અનુસરીને બનાવવામાં આવેલો હોય ?

(A) વ્યવહારવાદ (B) પ્રકૃતિવાદ

(C) વાસ્તવવાદ (D) પુનઃરચનાવાદ

032. અભ્યાસક્રમ રચનાના પ્રતિમાન વિશેની કઈ જોડી સાચી નથી ?

(A) ટાયલર : જરૂરિયાતોનું નિદાન (B) સ્ટેક્સ : અવલોકિત વ્યવહારો

(C) સ્ટેક્સ : આનુભવિક આકસ્મિકતા (D) મુખોપાધ્યાય : લક્ષ્ય, ધ્યેય, ઉદ્દેશો

033. માનવતાવાદી અભ્યાસક્રમ શાના પર વિશેષ ઝોક આપે છે ?

(A) માનવમાત્રનો બોધાત્મક વિકાસ (B) સમાનુભૂતિ અને સુખ

(C) માનવ સંસાધન વિકાસ (D) તંદુરસ્ત સામાજિક સ્પર્ધા

034. અસરકારક અધ્યાપન માટે સૌથી ઓછું જરૂરી શું છે ?

(A) અભ્યાસક્રમ પૂરો કરવાની આવડત (B) વર્ગમાં શાંતિ

(C) વિષયાંતર (D) વિષયવસ્તુની અદ્યતનતા

035. ''વિદ્યાર્થીના અનુભવોનો ઉપયોગ કરો.'' – ને શિક્ષણના કયા સૂત્ર (maxim) સાથે સંબંધ છે ?

(A) આગમનથી નિગમન તરફ (B) સરળથી સંકુલ તરફ

(C) ભાવાત્મકથી બોધાત્મક તરફ (D) જ્ઞાતથી અજ્ઞાત તરફ

036. મોરીસનના મત અનુસાર 'સમજ' એટલે શું ?

(A) ભવિષ્યના અધ્યયન માટેની અભિપ્રેરણા

(B) અન્વેષણ માટેનું અભિસ્થાપન

(C) એકમવસ્તુના સૌથી અગત્યના હિસ્સાનું સંગઠન

(D) સામાન્યીકરણનો નવી પરિસ્થિતિમાં ઉપયોગ કરવાની આંતરસૂજ

037. ફ્લેન્ડર સૂચિત વર્ગવ્યવહારના અમુક ઘટકોને 'શિક્ષકની પરોક્ષ અસર'ની શ્રેણીમાં શા માટે મૂકવામાં આવે છે ?

(A) વિદ્યાર્થીની પહેલ તે શિક્ષકની પરોક્ષ અસરનો સૌથી મહત્ત્વનો પુરાવો છે.

(B) વિદ્યાર્થીના ઉત્તરનો સ્વીકાર થવાથી શિક્ષકનો પ્રભાવ તેમાં વ્યક્ત થાય છે.

(C) તેના દ્વારા વિદ્યાર્થીઓની સહભાગિતાને સમર્થન મળે છે.

(D) તે ઘટકો શિક્ષકની સમજમાંથી નિષ્પન્ન થતી અસર દર્શાવે છે.

038. અભિક્રમોની રચના મનોવિજ્ઞાનના કયા સિદ્ધાંતનો આધાર લે છે ?

(A) શાસ્ત્રીય ઉત્તેજક – પ્રતિચાર સિદ્ધાંત (B) તત્પરતાનો સિદ્ધાંત

(C) કારક અભિસંધાનનો સિદ્ધાંત (D) હકારાત્મક પ્રતિપોષણનો સિદ્ધાંત

039. કયા પ્રકારની કસોટીમાં વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલા ગુણનું સવિગત અન્વેષણ કરવામાં આવે છે ?

(A) નિદાન કસોટી (B) સિદ્ધિ કસોટી

(C) પ્રક્ષેપણ કસોટી (D) વિલંબિત કસોટી

040. કઈ શરત સહકારી અધ્યયનને લાગુ પડતી નથી ?
(A) જૂથના સભ્યો વચ્ચે સહકાલિક (simulteneous) આંતરવ્યવહાર
(B) પ્રત્યેક સહભાગીનું ઉત્તરદાયિત્વ
(C) સફળ અધ્યયનને અંતે દરેક સહભાગીને ગ્રેડ કે ગુણનું વળતર
(D) દરેક અધ્યેતાનું હકારાત્મક પરસ્પરાવલંબન

041. માપન એટલે ..........
(A) વસ્તુ કે ઘટનાનું માપન, તેના લક્ષણોનું નહીં.
(B) પ્રદત્ત (ડેટા)નું અંકશાસ્ત્રીય વર્ણન
(C) પરિણામોનું આંકડાકીય અર્થઘટન
(D) આપેલા નિયમોના આધારે ઘટનાઓને સમજાવવી

042. કઈ કસોટી રચનાત્મક (formative) મૂલ્યાંકન અંતર્ગત આવે ?
(A) ક્વિઝ
(B) મૂલક સંદર્ભ
(C) નિદાન
(D) શિક્ષક-રચિત

043. સંરચનાવાદી અભિગમના સંદર્ભમાં 'અધ્યેતા પોતાનાં ધ્યેયો અને પ્રવૃત્તિ નક્કી કરે' એ કયા પ્રકારનું અધ્યયન કહેવાય છે ?
(A) સ્વ સંકલ્પનાલક્ષી અધ્યયન
(B) સમાંતર અધ્યયન
(C) સક્રિય અધ્યયન
(D) પ્રમાણભૂત અધ્યયન

044. નીચેના પૈકી કયું પુખ્તાધ્યાયન શાસ્ત્ર (Andragogy) સાથે સંબંધિત છે ?
(A) ભવિષ્યલક્ષી અધ્યાપન
(B) સમસ્યા ઉકેલ માટેનું અધ્યાપન
(C) ગહન વિષમકેન્દ્રી અધ્યાપન
(D) આત્મ-સાક્ષાત્કાર માટેનું અધ્યાપન

045. રૂબ્રિકની સંરચનામાં શાનો સમાવેશ થાય છે ?
(A) ગ્રીડ (કોષ્ટક)નો
(B) રજૂઆતનો સ્તર દર્શાવતા વિશેષણોનો
(C) પ્રાપ્તાંકોનો
(D) વય-કક્ષા અનુસાર ગ્રેડનો

046. એડવાન્સ ઓર્ગેનાઈઝર મોડેલની પોષક અસર કઈ છે ?
(A) પરિપૃચ્છા (inquiry)માં અભિરૂચિ થવી
(B) સંકલ્પનાના માળખાનું સર્જન થવું
(C) માહિતી અને ખ્યાલોનું અર્થપૂર્ણ પરિપાચન
(D) વિવેચનાત્મક વિચારણામાં પ્રવેશ કરવો

047. "નૈસર્ગિક ઘટનાઓમાં પ્રવર્તતા સંબંધો અંગેની ઉત્કલ્પનાત્મક પૂર્વધારણાઓની ચકાસણી માટેનું વિવેચનાત્મક કાર્ય એટલે સંશોધન" - કર્લિંજરની આ વ્યાખ્યામાં સંશોધનનું આગત (input) દર્શાવતો શબ્દ / શબ્દ સમૂહ કયો છે ?
(A) પ્રવર્તતા સંબંધો
(B) ઉત્કલ્પનાત્મક પૂર્વધારણા
(C) વિવેચનાત્મક કાર્ય
(D) ઉપરોક્ત તમામ

048. શૈક્ષણિક સંશોધનમાં નીચેના પૈકી કઈ બાબત અનિવાર્ય નથી ?
(A) શિક્ષણ વિદ્યાશાખાને બહેતર બનાવવાની આકાંક્ષા
(B) તર્કનિષ્ઠ વિશ્લેષણ
(C) હેતુલક્ષિતા
(D) પ્રતિનિધિરૂપ નૂમનો

049. શૈક્ષણિક સંશોધનના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?
(A) કેસ-સ્ટડીમાં દ્વિપુચ્છ કસોટી વધુ અનુકૂળ રહે છે.
(B) ઐતિહાસિક સંશોધન પદ્ધતિ શિક્ષણ વિદ્યાશાખા માટે અપ્રસ્તુત છે.
(C) ઉત્કલ્પના ન રચી હોય તો ચલની પસંદગી થઈ શકતી નથી.
(D) ગુણાત્મક સંશોધનમાં પણ ચલનો અભ્યાસ કરી શકાય છે.

050. નમૂનાનું કદ શાના પર આધાર રાખે છે ?
(A) ઉત્કલ્પનાનો પ્રકાર
(B) સંશોધનનો પ્રકાર
(C) સંશોધકની આવડત
(D) કઈ પદવી માટેનું સંશોધન છે તે

051. સક્રિય અધ્યયન કાર્યક્રમની સિદ્ધિ પ્રાપ્તાંકો પર થતી અસર તપાસવા માટેની સંશોધન યોજનાની લાક્ષણિકતા કઈ હોવી જોઈએ ?

(A) ઉપયોગિતા, આત્મલક્ષિતા, વિશ્વસનીયતા
(B) અનાત્મલક્ષિતા, યથાર્થતા, સામાન્યીકરણ-ક્ષમતા
(C) અદ્યતનતા, ઉપયોગિતા, વસ્તુલક્ષિતા
(D) અનન્યતા, આત્મલક્ષિતા, સામાન્યીકરણ-ક્ષમતા

052. નીચેના પૈકી કયો સિદ્ધાંત પ્રાયોગિક સંશોધન યોજનાનો સિદ્ધાંત નથી ?

(A) નિયંત્રણ
(B) પુનરાવર્તન (Replication)
(C) નિરપેક્ષતા
(D) યાદચ્છીકરણ

053. કઈ બાબત કસોટીની ગુણવત્તા દર્શાવતી નથી ?

(A) તાર્કિક સમાનતા પદ્ધતિ વિશ્વસનીયતા
(B) દ્વિભાજન (split half) વિશ્વસનીયતા
(C) એકાંતર (Alternative) યથાર્થતા
(D) પ્રત્યક્ષ (Face) યથાર્થતા

054. ગુણવત્તાયુક્ત સંશોધનના ઉપકરણ તરીકે પ્રશ્નાવલિનો ફાયદો કયો છે ?

(A) અન્યની મદદ લઈને ભરી શકાય છે.
(B) પ્રતિભાવકની ઓળખ ગુપ્ત રાખી શકાય છે.
(C) જેમને ખરેખર રસ હોય તેવા પ્રતિભાવકોના ઉત્તરો પ્રાપ્ત થાય છે.
(D) પાત્રોના પ્રતિભાવો નિશ્ચિતપણે મળી જાય છે.

055. પ્રાયોગિક સંશોધનમાં વધુ ચોકસાઈપૂર્ણ તારણો મેળવવા માટે જવાબદાર પરિબળ કયું છે ?

(A) મોટો નમૂનો
(B) વિશાળ વ્યાપવિશ્વ
(C) કમ્પ્યુટરના ઉપયોગ દ્વારા વિશ્લેષણ
(D) એક કરતાં વધારે પરતંત્ર ચલની પસંદગી

056. સંશોધનના પ્રકાર અને હેતુ દર્શાવતું કયું જોડકું સાચું છે ?

(A) ગુણાત્મક – તાત્કાલિક ઉકેલ પ્રાપ્તિ
(B) ક્રિયાત્મક – સમસ્યાની સાંપ્રતસ્થિતિનું વર્ણન
(C) વ્યાવહારિક – સિદ્ધાંતોની સ્થાપના
(D) મૂળગત – જ્ઞાનને ખાતર જ્ઞાન

057. સમાવેશી શિક્ષણ શું છે ?

(A) શિક્ષણનો મનોવૈજ્ઞાનિક અભિગમ
(B) બંધારણીય મૂલ્ય
(C) વંચિત બાળકોનો વિશેષાધિકાર
(D) માનવીય અધિકાર

058. સમાવેશી શિક્ષણની સફળતાના આધારો કયા છે ?

(A) દિવ્યાંગ બાળકો માટે કાળજી, વિશેષ શિષ્યવૃત્તિ, સરકારી સહાય
(B) તેજસ્વી શિક્ષકો, લાગણીપૂર્ણ વ્યવહાર, સામાજિક સહાય
(C) સંસાધનોનો ટેકો, બાળકની જરૂરિયાત અનુસાર અધ્યાપન, સમાન તક
(D) સમાન તક, સામાજિક ન્યાય, વિશિષ્ટ બાળકો માટે વિશેષ સુવિધાયુક્ત વર્ગખંડો

059. સમાવેશી શિક્ષણની વિભાવનાને સ્વીકારનાર સૌ પ્રથમ દેશ કયો છે ?

(A) કેનેડા
(B) ફિનલેન્ડ
(C) ગ્રેટ બ્રિટન
(D) અમેરિકા

060. સમાવેશી શિક્ષણની સંકલ્પના ઘટક કયા છે ?

(i) વિશિષ્ટ શાળાઓ
(ii) નિમ્નસિધ્ધિ વિદ્યાર્થીઓ પ્રતિ વિશેષ ધ્યાન
(iii) બાળકના આત્મગૌરવનો બિનશરતી સ્વીકાર
(iv) વિવિધતાને પ્રતિપોષણ આપતું વાતાવરણ
(v) વ્યક્તિલક્ષી પ્રતિભાવ પ્રણાલિ

(A) i, ii, iii
(B) iii, iv, v
(C) ii, iii, iv
(D) i, iv, v

061. કયું લક્ષણ મસ્તિષ્ક દોષ (Cerebral palsy) ધરાવતા બાળકનું નથી ?

(A) બોલવું અને શ્વાસ લેવાનું એકસાથે કરવું મુશ્કેલ

(B) ટેકા વગર નીચે નમી ન શકે

(C) અનિચ્છિત હલનચલન પર નિયંત્રણનો અભાવ

(D) ચાલવા માટે ટેકણઘોડીનો આધાર જરૂરી

062. દૃષ્ટિક્ષતિ ધરાવતા બાળકને કઈ મુશ્કેલી પડે ?

(A) અનુલેખન કરવામાં ભૂલ
(B) મોટેથી વાંચતી વખતે ક્યાં પહોંચ્યા તેનું વિસ્મરણ
(C) સિવણ કે ઝીણવટભર્યાં કામ કરવામાં મુશ્કેલી
(D) ઉપરોક્ત ત્રણેય

063. બહુ મોટેથી કે ખૂબ ધીમેથી બોલનાર વિદ્યાર્થી કઈ અક્ષમતા ધરાવે છે ?

(A) મંદબુધ્ધિ
(B) શ્રવણમંદતા
(C) દશ્ય અવરોધ
(D) ચેતાકીય અક્ષમતા

064. સમાવેશક શિક્ષણની અધ્યાપન વ્યુહરચનામાં શાનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે ?

(i) ઈન્દ્રિયલક્ષી પ્રવૃત્તિ

(ii) વૈવિધ્યપૂર્ણ પ્રવચનો

(iii) પુનરાવર્તન

(iv) સહકારી અધ્યયન

(v) નાટક

(vi) ઓછું શારીરિક હલનચલન થાય તેવી પ્રવૃત્તિઓ

(A) i, iii, iv
(B) i, iv, v, vi
(C) ii, iii, v, vi
(D) iv, v, vi

065. શૈક્ષણિક ટેકનોલોજીની સંકલ્પના અનુસાર તેનું કયું લક્ષણ સાચું છે ?

(A) અધ્યયન-અધ્યાપન પ્રવિધિઓ એ ઈનપુટ છે.
(B) અધ્યયન સંજોગોનું નિર્માણ એ આઉટપુટ છે.
(C) અધ્યયન નીપજો એ પ્રક્રિયા છે.
(D) શિક્ષક એ પ્રણાલિ છે.

066. બ્લોગના ઉપયોગો કયા છે ?

(A) સહકારી અધ્યયન કરાવવા, પરીક્ષા લેવા, વિષયવસ્તુ મિડિયા સાથે જોડવા

(B) મલ્ટીમિડિયા પ્રેઝન્ટેશન કરવા, વિષયવસ્તુ અધ્યેતા સુધી પહોંચાડવા, સામગ્રીની સામૂહિક સમીક્ષા કરવા

(C) પોડકસ્ટિંગ, વોડકાસ્ટિંગ કરવા અને હોમવર્ક ચેક કરવા

(D) ઓનલાઈન પાઠ્યસામગ્રી બનાવવા, પેપરલેસ ક્લાસ ચલાવવા, આનુભવિક અધ્યયન કરવા

067. www.linkedin.com કયા પ્રકારની વેબસાઈટ છે ?

(A) માઈક્રોબ્લોગિંગ
(B) ચેટિંગ
(C) સોશિયલ નેટવર્કિંગ
(D) વેબ-સિન્ડિકેશન

068. નીચેના પૈકી કયું ઈ-લર્નિંગ ન કહેવાય ?

(A) મોબાઈલ લર્નિંગ
(B) અનુરૂપણ (simulation)
(C) પ્રોગ્રામ્ડ લર્નિંગ
(D) વર્ચ્યુઅલ લેબોરેટરી

069. ICT નું અનિવાર્ય કાર્ય કયું છે ?

(A) કમ્પ્યૂટરનો ઉપયોગ કરવો.
(B) શૈક્ષણિક માહિતી એકત્ર કરવી
(C) દૂરવર્તી શિક્ષણનો ફેલાવો કરવો
(D) માહિતીનું વીજાણુ માધ્યમથી વ્યવસ્થાપન કરવું.

070. મલ્ટીમિડિયા અભિગમના પાયામાં કઈ વિચારણાનું મુખ્ય પ્રદાન છે ?

(A) મેસ્લોનો જરૂરિયાતનો શ્રેણીદર્શક ત્રિકોણ
(B) સ્કીનરનો કારક અભિસંધાનનો સિદ્ધાંત
(C) ડેલનો અનુભવ શંકુ
(D) વિગોસ્કીનો ZPD ચતુષ્કોણ

071. MOOCs શું છે ?

(A) સમૂહ માટે ખુલ્લા કરાયેલા ઓનલાઈન અભ્યાસક્રમ

(B) મોબાઈલ દ્વારા સંચાલિત ઓફલાઈન પ્રત્યાયન

(C) મેનેજમેન્ટ ઓફ ઓનલાઈન ક્લાસીસ

(D) મલ્ટીમિડિયા ઓનલાઈન ફ્રી કાઉન્સેલીંગ

072. ICT ના સંદર્ભમાં નીચેના પૈકી કઈ સમસ્યા સંશોધનક્ષમ ગણાય ?

(A) વ્યક્તિગત અનુદેશના ઓનલાઈન કાર્યક્રમની અસરકારકતા

(B) અભિક્રમિત અધ્યયન અને પરંપરાગત વર્ગ અધ્યયનની તુલના

(C) વિદ્યાર્થીના અશાબ્દિક પ્રત્યાયનની શિક્ષક પર થતી અસરો

(D) વર્ગ-પ્રત્યાયનના ઘટકોનું SPSS દ્વારા વિશ્લેષણ અને અર્થઘટન

073. અભ્યાસક્રમ વિકસાવવાની ક્ષમતા તથા આંતર-વિદ્યાશાખાકીય જ્ઞાનપ્રાપ્તિ શિક્ષક-પ્રશિક્ષણના કયા સ્તરના અભ્યાસક્રમમાં સમાવવામાં આવે છે.

(A) ડિપ્લોમા
(B) સ્નાતક
(C) અનુસ્નાતક
(D) ઉપરોક્ત ત્રણેય

074. શિક્ષક પ્રશિક્ષણમાં નવીનીકરણ તરીકે આવેલા e-teacher education ના ખ્યાલમાં શાનો સમાવેશ થાય છે ?

(A) દૂરવર્તી શિક્ષણ પ્રણાલી
(B) બંધારણીય મૂલ્યોનું અધ્યાપન
(C) સંરચનાવાદી અધ્યયન અભિગમ
(D) શિક્ષણના પ્રતિમાનોનું અધ્યાપન

075. શિક્ષક પ્રશિક્ષણમાં વિકેન્દ્રીકરણ લાવનાર તથા અમલદારશાહી નાબૂદ કરનાર પરિબળ કયું છે ?

(A) ઉદારીકરણ
(B) વ્યાવસાયીકરણ
(C) વૈશ્વીકરણ
(D) રાષ્ટ્રીયકરણ

076. NAAC દ્વારા નિર્દેશિત શિક્ષક-પ્રશિક્ષણના ગુણવત્તા-દર્શકોમાં શાનો સમાવશે થતો નથી ?

(A) સંગઠન અને વ્યવસ્થાપન
(B) સંશોધન અને વિસ્તરણ
(C) અભ્યાસક્રમ સંરચના અને આયોજન
(D) સંસ્થાકીય પ્રતિષ્ઠા અને પ્રદાન

077. વિઝિટિંગ પ્રોફેસર સ્કીમ કઈ સંસ્થા દ્વારા પરિચાલિત થાય છે ?

(A) એન.સી.ઈ.ટી (NCET)
(B) આઈ.એ.એસ.ઈ. (IASE)
(C) યુ.જી.સી. (UGC)
(D) એચ.આર.ડી.સી. (HRDC)

078. સંશોધન અને અધ્યાપન માટે રાષ્ટ્રીય કક્ષાની ફેલોશીપ કઈ સંસ્થા આપે છે.

(A) યુ.જી.સી. (UGC)
(B) એન.સી.ઈ.આર.ટી. (NCERT)
(C) એસ.એસ.એ. (SSA)
(D) સી.ટી.ઈ. (CTE)

079. એન.સી.ઈ.આર.ટી. (NCERT) શિક્ષક-પ્રશિક્ષણને લગતું કયું કાર્ય સંભાળે છે ?

(A) સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષકોનું મૂલ્યાંકન કરવું.

(B) સ્નાતક કક્ષાના શિક્ષક-પ્રશિક્ષણના પુસ્તકોનું પ્રકાશન

(C) ડી.એલ.ઈડી. (D.L.Ed.) ના અભ્યાસક્રમોની રચના

(D) રિજીયોનલ કોલેજ ઓફ એજ્યુકેશન ચલાવવી

080. રાષ્ટ્રીય-શિક્ષણ નીતિ 2020 અનુસાર દસ વર્ષ બાદ પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટેની લઘુત્તમ લાયકાત કઈ હશે ?

(A) સંકલિત બી.એડ્. (B.Ed.) ની પદવી

(B) એલિમેન્ટરી એજ્યુકેશનના વૈકલ્પિક વિષય સાથે એમ.એડ્. (M.Ed.) ની પદવી

(C) કોઈપણ વિષયમાં સ્નાતકની પદવી વત્તા ડી.એલ.ઈડી. (D.L.Ed.)

(D) જૂનું પી.ટી.સી. અને 10 વર્ષનો પ્રાથમિક શાળામાં અધ્યાપનનો અનુભવ

081. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કઈ ભલામણનો સમાવેશ થતો નથી ?
(A) ભારતીય ભાષાઓ તથા સંસ્કૃતિને મહત્ત્વ.
(B) ઓછામાં ઓછું ધો.-5 સુધીનું શિક્ષણ માતૃભાષા દ્વારા જ આપવામાં આવશે.
(C) પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે વિશેષ કાર્યશાળાઓ અને અધ્યયન અનુભવો.
(D) જીવન કૌશલ્યોનો અભ્યાસક્રમમાં સમાવેશ.

082. NCFTE (2009) માં શિક્ષક પ્રશિક્ષક માટે કઈ અપેક્ષા દર્શાવી છે ?
(A) એ બધા જ્ઞાનનો સ્રોત બને
(B) એ હકારાત્મક અધ્યયન પર્યાવરણ રચે
(C) એ ભાવિ શિક્ષકોને આદર્શ નાગરિક બનાવે
(D) એ ભારતીય અધ્યાપન-પ્રવિધિઓમાં નિપુણ બને

083. ભારતમાં અધ્યાપનને પૂર્ણ વ્યવસાય તરીકે સ્થાપિત કરવામાં નડતરરૂપ પરિબળ કયું છે ?
(A) શિક્ષકની સ્વાયત્તતાનો અભાવ
(B) વ્યાવસાયિક આચારસંહિતાનો અભાવ
(C) શિક્ષકોના વ્યાવસાયિક સંઘના અસ્તિત્વનો અભાવ
(D) ઉપરોક્ત ત્રણેય

084. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષક-પ્રશિક્ષક પાસેથી કઈ તજ્જ્ઞતાની અપેક્ષા રાખવામાં આવી છે ?
(i) ઓછામાં ઓછી ત્રણ ભાષાનું જ્ઞાન
(ii) ગ્રામ વિસ્તારમાં કામ કરવાની આવડત
(iii) ભારતીય મૂલ્યોની સમજ
(iv) અધ્યાપનની અદ્યતન પધ્ધતિઓમાં નિપુણતા
(v) બહુવિદ્યાશાખાકીય દૃષ્ટિકોણ
(vi) માનવવિદ્યાના વિષયમાં સર્ટિફિકેટ કે ડિપ્લોમા સ્તરનો અભ્યાસ
(A) ii, iii, v
(B) i, ii, iii
(C) iii, iv, v
(D) iv, v, vi

085. સંગઠનનું કયા પ્રકારનું નેતૃત્વ અપેક્ષા કરતાં પણ વધારે ઊંચું પરિણામ લાવી શકે છે ?
(A) વ્યવહારલક્ષી
(B) આપખુદશાહી
(C) રૂપાંતરકારી
(D) સાંસ્કૃતિક

086. નેતૃત્વ અસ્તિત્વમાં આવવા માટે શાની અનિવાર્યતા છે ?
(A) પ્રભાવશાળી વ્યક્તિત્વ
(B) લોકપ્રિયતા
(C) સમાજમાં પ્રદાન કરવાની ઝંખના
(D) ચોક્કસ ધ્યેય

087. 'લોકોને પોતાની અગત્ય છે અને પોતે અગત્યનું કામ કરી રહ્યા છે તે પ્રતિપાદિત કરવું તેઓને ગમે છે.' – આ સિધ્ધાંત વ્યવસ્થાપનમાં કયો અભિગમ સૂચવે છે ?
(A) માનવીય સંબંધ
(B) ટેયલરવાદ
(C) મનોગત્યાત્મક
(D) ગુણલક્ષણવાદી

088. કર્મચારીઓનું કયું લક્ષણ સંસ્થાકીય પરિવર્તન પ્રતિ મનોવૈજ્ઞાનિક અવરોધનો નિર્દેશ કરતું નથી ?
(A) સલામતીની જરૂરિયાત
(B) પરિવર્તન સહન કરવાની ઓછી શક્તિ
(C) જૂના મિત્રો જાળવી રાખવાની ઇચ્છા
(D) અજ્ઞાત સ્થિતિ ઊભી થવાની આશંકા

089. નેતૃત્વના કયા પ્રતિમાનમાં નેતાની નિસબતોને નવ બિંદુ પર અંકિત કરીને દર્શાવવામાં આવે છે ?
(A) ફાઈડલર
(B) સિક્સ સિગ્મા
(C) ત્રિપરિમાણીય
(D) બ્લેક એન્ડ માઉન્ટ

090. વ્યવસ્થાપન કાર્યક્ષેત્ર POSDCORB માં શાનો સમાવેશ થાય છે ?
(A) આયોજન, વિકાસ, પ્રત્યાયન, અહેવાલ
(B) અહેવાલ, સંયોજન, નિમણૂક, સંગઠન
(C) સહકાર, તૈયારી, પ્રત્યાયન, અંદાજપત્ર
(D) દોરવણી, કાર્યવહેંચણી, આયોજન, પ્રત્યાયન

091. શૈક્ષણિક સંસ્થામાં TQM ના અમલીકરણ માટે કયા વિભાગને કઈ જવાબદારી સોંપવામાં આવે છે ? નીચેના જોડકાંનો સાચો ક્રમ દર્શાવો.

| વિભાગ | જવાબદારી |
|---|---|
| (a) મેનેજમેન્ટ (સંચાલકો) | (i) વ્યક્તિગત સંભાવનાઓનું પોષણ |
| (b) ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખું) | (ii) ICT અને સંસાધનોની પ્રાપ્યતા |
| (c) અધ્યાપન | (iii) કન્સલ્ટન્સી |
| (d) વિસ્તરણ | (iv) વિઝન-મિશનની નવરચના |

(A) a - iii, b - i, c - ii, d - iv
(B) a - iv, b - ii, c - i, d - iii
(C) a - ii, b - iii, c - i, d - iv
(D) a - i, b - iii, c - iv, d - ii

092. ભારતીય ચિંતન અનુસાર 'સ્વ'ને ઓળખવો એટલે .....
(A) 'પોતે શુધ્ધ ચૈતન્ય છે' તેવું અનુભવવું
(B) પોતાના અંતઃકરણને સમજવું
(C) માન-અપમાનથી પર થવું
(D) પોતાનામાંના ત્રણેય ગુણનો પરિચય હોવો

093. આત્મસંયમ વિકસાવવા માટેની પ્રક્રિયામાં શાની જરૂર પડે ?
(A) અસ્તેય, અપરિગ્રહ, અહિંસા
(B) અનૃત, અહિંસા, પ્રાણાયામ
(C) બ્રહ્મચર્ય, પરિગ્રહ, પ્રાણાયામ
(D) પંચશીલ, ત્રિગુણ, નવધાભક્તિ

094. ભારતીય ચિંતન અનુસાર શિક્ષણનું અંતિમ ધ્યેય શું છે ?
(A) સન્યાસ
(B) આત્મબોધ
(C) પંચકોશનો વિકાસ
(D) ચિત્તમાં માનવતાનું સ્થાપન

095. માનસિક ચંચળતાનો નાશ કરી સ્થિરતા ધારણ કરવા માટે શાનું અનુપાલન કરવું જોઈએ ?
(A) નિયમ
(B) ધારણા
(C) યમ
(D) આસન

096. સત્ત્વગુણના લક્ષણો કયાં છે ?
(A) તેજસ્વિતા, પ્રવૃત્તિશીલતા, પ્રતિષ્ઠા
(B) સુખૈષણા, પૌરુષ, ધૈર્ય
(C) પ્રવૃત્તિશીલતા, પૌરુષ, શૌચ
(D) શૌચ, અસ્પૃહા, તેજસ્વિતા

097. સમાધિ અવસ્થામાં શાની પ્રાપ્તિ થાય છે ?
(A) એકાગ્રતા
(B) સંયમ
(C) પ્રજ્ઞા
(D) સંસ્કાર

098. મનોમય કોશનું કાર્ય શું છે ?
(A) સંકલ્પ કરવો
(B) સહજજ્ઞાનની પ્રાપ્તિ
(C) અન્નમય અને પ્રાણમય કોશનું સંકલન કરવું
(D) સંવેદનાઓનું નીરીક્ષણ કરવું

099. ''ભાષા દ્વારા સ્વ-વિકાસ થાય છે.'' આ બાબતનું સમર્થન કરતું સ્પષ્ટીકરણ કયું છે ?
(A) ભાષામાં સત્ય અને નાદનો સમન્વય છે.
(B) ભાષા દ્વારા સ્વની અભિવ્યક્તિ થાય છે.
(C) વિચાર કરવા માટે ભાષા અનિવાર્ય છે.
(D) ભાષા જન્મ પૂર્વેથી જ મનુષ્યના સંભવિત વ્યક્તિત્વ સાથે જોડાયેલી હોય છે.

100. સ્થિતપ્રજ્ઞ થવામાં કઈ બાબત અવરોધરૂપ બને છે ?
(A) મન સાથે જોડાયેલી ઈન્દ્રિયોનું અનુસરણ
(B) સુખમાં પણ અનાસક્તિ સેવવી
(C) કાચબાની જેમ વિષયોમાંથી અંગો સંકોરી લેવા
(D) સંવેદનશીલતા હીન બની જવું તે

101. ભાષાને આત્મસાત્ કરવા માટે સૌ પ્રથમ ભાષાના .......... ની જાણકારી જરૂરી છે.

(A) પરિબળો
(B) સ્વરૂપ
(C) સિદ્ધાંત
(D) લક્ષણો

102. વ્યક્તિને માતૃભાષા આવડે છે એમ ક્યારે કહેવાય ?

(A) એ માતૃભાષા બોલી અને સમજી શકે.
(B) એ માતૃભાષા બોલી અને લખી શકે.
(C) એ ભાષા સમજી શકે.
(D) ઉપરના ત્રણમાંથી એકેય નહીં.

103. નીચેનામાંથી કયા ક્રિયાપદોનું જૂથ અવલોકનક્ષમ વર્તન દર્શાવવા માટે યોગ્ય છે ?

(A) ઓળખાવે, દર્શાવે, બનાવે
(B) જાણે, સમજે, વિચારે
(C) અર્થગ્રહણ કરે, મેળવે, કેળવે
(D) જાણે, અનુભવે, ગ્રહણ કરે

104. ગદ્યને લાગુ પડતું વિધાન કયું છે ?

(A) કલ્પનાને પ્રાધાન્ય આપે છે.
(B) આત્મસ્ફૂરણા મહત્વની હોય છે.
(C) વિગતપૂર્ણ હોય છે.
(D) તેની વાણી સુમેળવાળી હોય છે.

105. માતૃભાષા શિક્ષણનું આયોજન એટલે શું ?

(A) માતૃભાષાના શિક્ષણ માટે નિર્ધારેલ લક્ષ્ય સિદ્ધ કરવાની યોજના
(B) માતૃભાષાના શિક્ષણની લાંબા અને ટૂંકા ગાળાના હેતુઓની સિદ્ધિ માટેની યોજના
(C) માતૃભાષાના શિક્ષણની ભાષા શિક્ષકે નિર્ધારેલ યોજના
(D) ઉપરોક્ત પૈકી તમામ

106. ભારતીય ભાષાવિચારણામાં વાણીના કયાં સ્તરો દર્શાવવામાં આવ્યાં છે ?

(A) રટણ, પઠન, વિચાર, આચાર
(B) વિચાર, વાચન, વિહાર, વ્યવહાર
(C) શ્રુતિ, સમૃતિ, વિચાર, વ્યવહાર
(D) પરા, પશ્યંતી, મધ્યમા, વૈખરી

107. નીચેનામાંથી કઈ બાબતો ભાષા અધ્યનને લાગુ પડે છે ?

1. ભાષા શીખવા બાળકની જન્મદત્ત શક્તિઓ અને વાતાવરણ જરૂરી છે.
2. બાળક અનુકરણથી ભાષા શીખે છે.
3. વારંવાર પુનરાવર્તનથી ભાષા આત્મસાત્ થાય છે.
4. ભાષાના અધ્યનની પ્રક્રિયા જીવનભર ચાલે છે.

(A) 1, 3, 4
(B) 1, 2, 3
(C) 2, 3, 4
(D) 1, 2, 3, 4

108. માતૃભાષાનું મૂલ્યાંકન એટલે શું ?

(A) બાળકના સર્વાંગી વિકાસને માપવાની પદ્ધતિ
(B) બાળકમાં રહેલી ભાષાકીય મૂલ્યનિષ્ઠા માપવાની પદ્ધતિ
(C) બાળકના માતૃભાષાકીય બુદ્ધિઆંકને માપવાની પદ્ધતિ
(D) બાળકના ભાષા વિષયક વિકાસનું માપન કરવાની પદ્ધતિ

109. ક્રિયાત્મક સંશોધન એટલે શું ?

(A) જેમાં ક્રિયાને પ્રાધાન્ય આપવામાં આવે.
(B) જે સંશોધન શિક્ષક શાળાકક્ષાએ કરે.
(C) જે મોટી સમસ્યા નિવારણ માટે હાથ ધરવામાં આવે.
(D) જેના પરિણામો સાર્વત્રિક હોય.

110. ભાષા શિક્ષક માટે સૌથી અગત્યની બાબત કઈ ગણાય ?

(A) એ પુસ્તકાલયમાં મહત્તમ સમય પસાર કરતો હોય.
(B) એની ભાષા પરની પક્કડ મજબૂત હોય.
(C) એને ઈતરવાંચનનો શોખ હોય.
(D) એને ભાષા પ્રત્યે પ્રેમ હોય.

111. નીચેના એકમોને તેના યોગ્ય સાહિત્ય સ્વરૂપ સાથે જોડો.

| | |
|---|---|
| 1. પુત્રવધુનું સ્વાગત | a. એકાંકી |
| 2. ઊર્મિલા | b. નવલિકા |
| 3. કુદરતી | c. ગીત |
| 4. સેલ્વી પંકજમ્ | d. ખંડકાવ્ય |

(A) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(B) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(C) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(D) 1 - c, 2 - a, 3 - d, 4 - b

112. વિજ્ઞાનની દૃષ્ટિએ ભાષા કેવા ધ્વનિઓની વ્યવસ્થા છે ?

(A) વાચિક
(B) દૃશ્ય
(C) લેખિત
(D) ઉપરોક્ત પૈકી તમામ

113. માતૃભાષાનાં મૂળભૂત કૌશલો ક્યાં-ક્યાં છે ?

(A) વાચન અને લેખન
(B) શ્રવણ અને લેખન
(C) કથન અને વાચન
(D) શ્રવણ અને કથન

114. નીચેનામાંથી વિદ્યાર્થીનું અવલોકનક્ષમ વર્તન દર્શાવતું ક્રિયાપદ કયું છે ?

(A) જાણે
(B) સમજે
(C) જૂએ
(D) કહે

115. એકમ ભણાવતી વખતે કોઈ અપરિચિત શબ્દનો કયો અર્થ આપવો જોઈએ ?

(A) શબ્દકોશમાં આપેલ
(B) એકમના સંદર્ભમાં થતો
(C) પોતાના મનમાં આવેલ અર્થ
(D) વિદ્યાર્થી કહે તે

116. પાઠ આયોજન કોને કહેશો ?

(A) શિક્ષકે મનોમન કરેલી એકમ ભણાવવાની યોજના
(B) શિક્ષકે કરેલી ગદ્ય એકમ ભણાવવાની યોજના
(C) શિક્ષકે કોઈ પણ એકમની કરેલી લેખિત યોજના
(D) ઉપરોક્ત પૈકી તમામ

117. નીચેનામાંથી કયું વિધાન કૌશલ્યને લાગુ પડતું નથી ?

(A) તેનું પ્રતિપોષણ થઈ શકે
(B) તેને વ્યાખ્યાયિત કરી શકાય
(C) તેનું અવલોકન થઈ શકે
(D) તેનું માપન થઈ શકે

118. સામાન્ય રીતે બાળકને કઈ ક્રિયાથી વધારે યાદ રહે ?

(A) વાચન
(B) શ્રવણ
(C) દર્શન
(D) કથન

119. નીચેનામાંથી મૂલ્યાંકનના હેતુમાં કોનો સમાવેશ નહીં થાય ?

(A) વિદ્યાર્થીની વ્યાકરણ વિષયક ક્ષમતા માપવી
(B) વિદ્યાર્થીનું ભાષાકીય જ્ઞાન તપાસવું
(C) વિદ્યાર્થીના સાહિત્ય વિષયક જ્ઞાનને તપાસવું
(D) વિદ્યાર્થીના સંવેદન વિષયક જ્ઞાનને તપાસવું

120. ક્રિયાત્મક સંશોધનમાં સમસ્યાનું સ્વરૂપ .......... હોવું જોઈએ.

(A) જટિલ
(B) વિશિષ્ટ
(C) (A) અને (B) બંને
(D) સાદું

121. કેવા શિક્ષકમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાની સંભાવનાઓ ભારોભાર રહેલી છે ?

(A) લાયકાતવાળા
(B) કાર્યદક્ષ
(C) નવોન્મેશી
(D) ચારિત્ર્યશીલ

122. નીચેના એકમોને તેના સર્જકો સાથે જોડો.

| | |
|---|---|
| 1. ગોદ માતાની ક્યાં ? | a. જવાહરલાલ નહેરૂ |
| 2. રેફરન્સ બુક | b. ચન્દ્રકાન્ત શેઠ |
| 3. ડાંગવનો અને ... | c. ઈજ્જતકુમાર ત્રિવેદી |
| 4. હિમાલય એક સાહસ | d. મહેન્દ્રસિંહ પરમાર |

(A) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(B) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(D) 1 - c, 2 - a, 3 - d, 4 - b

123. એક શાલેય વિષય તરીકે માતૃભાષાના શિક્ષણમાં જોઈએ એટલી ગંભીરતા નથી કારણ કે ..........

(A) ગુજરાતી ભાષા બહુ જ સરળ અને સહજ છે.
(B) ગુજરાતી તો શાળામાં શીખ્યા વિના આવડે એવી શિક્ષકો અને વિદ્યાર્થીઓની માન્યતા
(C) શાળાઓમાં માતૃભાષાના શિક્ષકો સજ્જતા વિનાના છે
(D) ગુજરાતી ખાસ ઉપયોગી ભાષા નથી એવી માન્યતા

124. માતૃભાષા શિક્ષણના દ્વિતીય કૌશલો ક્યાં-ક્યાં છે ?

(A) વાચન અને લેખન
(B) શ્રવણ અને લેખન
(C) કથન અને વાચન
(D) શ્રવણ અને કથન

125. 'વિદ્યાર્થીઓ ઉદાહરણો પરથી વ્યાખ્યા તારવે.' — માં કયો હેતુ રહેલો છે ?

(A) ઉપયોજન
(B) મૂલ્યાંકન
(C) જ્ઞાન
(D) સમજ

126. ગદ્યપાઠોનું આદર્શ વાચન કેવું કરવું જોઈએ ?

(A) વાચન સંદિગ્ધ ઉચ્ચારવાળું હોવું જોઈએ.
(B) વાચન અસંદિગ્ધ ઉચ્ચારણવાળું હોવું જોઈએ.
(C) વાચન કરનારના કર્ણમધુર અવાજવાળું હોવું જોઈએ.
(D) ઉપરોક્ત પૈકી તમામ

127. વિશિષ્ટ હેતુઓના સંદર્ભે હર્બાટની પંચપદીનો સાચો ક્રમ કયો છે ?

(A) સામાન્યીકરણ – પૂર્વતૈયારી – રજૂઆત – ઉપયોગ – સંબંધ
(B) સંબંધ – પૂર્વતૈયારી – રજૂઆત – ઉપયોગ – સામાન્યીકરણ
(C) સામાન્યીકરણ – પૂર્વતૈયારી – રજૂઆત – ઉપયોગ – સંબંધ
(D) પૂર્વતૈયારી – રજૂઆત – સંબંધ – સામાન્યીકરણ – ઉપયોગ

128. પ્રશ્નોત્તર પદ્ધતિમાં .......... પ્રકારના પ્રશ્નો પૂછવાથી હેતુ સિદ્ધ થતા નથી.

(A) વિચાર પ્રેરક
(B) હા / ના માં ઉત્તર આવે એવા
(C) ક્રિયાત્મક
(D) સરળ

129. માતૃભાષા શિક્ષણમાં દશ્ય-શ્રાવ્ય સાધનોમાં કયું અસંગત છે ?

(A) જ્ઞાનની બધી ઈન્દ્રિયોને સ્પર્શે છે.
(B) વિદ્યાર્થીને જાણવા ઉત્સુક બનાવે છે?
(C) વિદ્યાર્થી અને શિક્ષક બંને પક્ષે ખર્ચાળ અને સમયનો વ્યય કરનાર છે.
(D) શિક્ષકનું કથન ઘટે છે.

130. માતૃભાષાના મૂલ્યાંકનના માપદંડોમાં શાનો સમાવેશ થતો નથી ?

(A) અભિવ્યક્તિ (B) રસાસ્વાદ

(C) મૂલ્યો (D) અર્થગ્રહણ

131. ક્રિયાત્મક સંશોધનનો મૂળભૂત ઉદ્દેશ કયો છે ?

(A) વર્ગશિક્ષણની સુધારણા (B) શાળાકીય શિક્ષણની સુધારણા

(C) બહુ વિધ સમસ્યાઓનો ઉકેલ (D) મૂળભૂત જ્ઞાનમાં વધારો

132. શિક્ષકની સફળતાનો આધાર શાના પર છે ?

(A) તેના હાજરજવાબી પણામાં (B) તેની તંદુરસ્તીમાં

(C) વ્યક્તિગત ગુણોમાં (D) કડકાઈમાં

133. નીચેના એકમોને તેમાં આવતાં પાત્રો સાથે જોડો.

| | |
|---|---|
| 1. બૂરાઈના દ્વાર પરથી | a. રાજુ |
| 2. જમાના પ્રમાણે | b. દેવરાજ |
| 3. ભૂખથી ભૂંડી ભીખ | c. ઝમકુ |
| 4. આંસુભીનો ઉજાસ | d. નીલા |

(A) 1 - b, 2 - d, 3 - a, 4 - c (B) 1 - c, 2 - d, 3 - a, 4 - b

(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a (D) 1 - c, 2 - a, 3 - d, 4 - b

134. ભાષાની વ્યવસ્થા ઊભી કરવા પાછળ માનવસમાજનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

(A) સંસ્કૃતિ સંવર્ધન (B) સામાજિક વ્યવહારો

(C) નગર સ્થાપન (D) અરકારક પ્રત્યાયન

135. નીચેનામાંથી કયું મુખવાચનને વધારે સ્પષ્ટ કરે છે ?

(A) બાળક અક્ષર ઓળખી વાંચી શકે (B) બાળક અક્ષરને સાર્થક રીતે સમજી વાંચી શકે

(C) બાળક મનમાં વાંચી શકે (D) બાળક હોઠ ફફડાવ્યા વિના વાંચી શકે

136. હેતુઓની સંરચના .......... ના સ્વરૂપમાં કરવી જોઈએ.

(A) સંવાદ (B) વિધાન

(C) ઘટના (D) કથન

137. આદર્શ વાચન વિદ્યાર્થીઓ માટે કંટાળાજનક બને ત્યારે કયો ઉપાય અજમાવી શકાય ?

(A) એકમને વિભાજિત કરી શકાય (B) વિદ્યાર્થીને ઈતર વાચન કરવાનું કહેવાય

(C) વિદ્યાર્થીઓના બે જૂથ પાડી દેવાય (D) વચ્ચે બીજી કોઈ વાર્તા કહેવાય

138. હેતુકેન્દ્રીય તાસ આયોજનમાં કઈ બાબત અગત્યની ગણાય છે ?

(A) પાઠના ઉદ્દેશો (B) વિષયવસ્તુના મુદ્દાઓ

(C) પાઠના સોપાનો (D) (A) અને (B) બંને

139. પ્રશ્ન પૂછતી વખતે કઈ બાબતનો ખ્યાલ રાખવો જોઈએ ?

(A) પ્રશ્નોની ભાષા વિદ્યાર્થીની વયકક્ષાને અનુરૂપ હોવી જોઈએ.

(B) પ્રશ્નો સરળ અને ટૂંકા હોવા જોઈએ.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) માંથી એક પણ નહીં

140. ભાષાશિક્ષણ માટે વપરાતા પ્રક્ષેપણ સાધનોમાં કઈ પ્રક્રિયા થાય છે ?

(A) ચિત્ર બતાવવા બે ચિત્ર વચ્ચે પડદો મૂકવો.
(B) ચિત્રને સ્પષ્ટ બતાવવા પડદો દૂર કરવો.
(C) ચિત્રને સીધુ જ પડદા પર બતાવવું
(D) ચિત્રની પ્રતિમાને પડદા પર પાડવી

141. મૂલ્યાંકન ત્રિકોણ એટલે શું ?

(A) અભ્યાસક્રમ – વિષયવસ્તુ – મૂલ્યાંકન
(B) શૈક્ષણિક અનુભવો – શૈક્ષણિક હેતુઓ – મૂલ્યાંકન
(C) શૈક્ષણિક હેતુઓ – શૈક્ષણિક અનુભવો – મૂલ્યાંકન
(D) શૈક્ષણિક પદ્ધતિઓ – સંદર્ભ સામગ્રી – મૂલ્યાંકન

142. ઉપચારાત્મક શિક્ષણ એટલે શું ?

(A) બાળકને ભણવામાં અડચણરૂપ બાબતોનું નિવારણ
(B) બાળકને શીખવામાં પડતી મુશ્કેલીના કારણો જાણવાં
(C) બાળકને સુવિધા પૂરી પાડવી
(D) બાળક પ્રત્યે સદ્‌ભાવ રાખવો

143. ગુજરાતી ભાષામાં વિશેષણો શીખવવા માટે સૌથી અસરકારક પ્રતિમાન તરીકે કોનો ઉપયોગ કરવો જોઈએ ?

(A) સામાજિક પૃચ્છા પ્રતિમાન
(B) વિકાસાત્મક પ્રતિમાન
(C) સર્જનાત્મક પ્રતિમાન
(D) સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન

144. ગુજરાતીમાં પ્રકાશિત થતાં શૈક્ષણિક સામયિકોનું કયું જૂથ સાચું છે ?

(A) શબ્દસૃષ્ટિ, પરબ, તાદર્થ્ય
(B) ચિત્રલેખા, અભિયાન, વિજ્ઞાનદર્શન
(C) બુદ્ધિપ્રકાશ, પરબ, સમીપે
(D) સમણું, અચલા, કોડિયું

145. ભાષાના સ્પૃશ્ય સ્વરૂપનો ઉપયોગ કોણ કરે છે ?

(A) નિરક્ષરો
(B) બહેરાં-મૂંગા
(C) ચિત્રકારો
(D) અંધજનો

146. તમારા વર્ગમાં એક બાળક તોતડાઈને વાંચે છે. તો તમે શો ઉપાય કરશો ?

(A) એ બાળક પ્રત્યે દુર્લક્ષ સેવશો.
(B) ડોક્ટર બોલાવી ઈલાજ કરાવશો.
(C) તેના વાલીને બોલાવી એનો ઈલાજ કરાવવાનું કહેશો.
(D) તમે જાતે જ ઈલાજ કરશો.

147. ધારેલો હેતુ સિદ્ધ થયો છે કે નહીં તેની ખાતરી ..........

(A) અવલોકનક્ષમ વર્તન દ્વારા થઈ શકે.
(B) મેળવેલ ટકાવારી ઉપરથી થઈ શકે.
(C) વિદ્યાર્થીની સમજણ પરથી થઈ શકે.
(D) અમૂર્ત વર્તન પરિવર્તન દ્વારા થઈ શકે.

148. નીચેની પદ્ધતિઓ સામે તેને લાગુ પડતું વિધાન જોડો.

| | |
|---|---|
| 1. અનુકરણ પદ્ધતિ | a. સ્નાયુ દ્વારા મૂળાક્ષરની ઓળખ |
| 2. રચનાત્મક પદ્ધતિ | b. શિક્ષક મૂળાક્ષર લખી આપે |
| 3. જેકોટોટ પદ્ધતિ | c. ટૂકડા જોડી પૂર્ણ આકૃતિ બનાવે |
| 4. મોન્ટેસરી પદ્ધતિ | d. મૂળ વાક્યનું અનુકરણ |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(B) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - b, 2 - c, 3 - d, 4 - a

149. નીચેનામાંથી કયું સોપાન તેની યોગ્ય પ્રવૃત્તિ સામે ગોઠવાયેલ છે ?

(A) હેતુ – બાળકો શું શીખશે ?
(B) વિષયવસ્તુ – બાળકો શા માટે શીખશે ?
(C) અધ્યયન અનુભવો – બાળકો કઈ પ્રવૃત્તિ કરશે ?
(D) ઉપરોક્ત પૈકી તમામ

150. 'બધા ભાષા શિક્ષકો કવિતા શિક્ષકો નથી.' પ્રસ્તુત વિધાનનો અર્થ એ થાય કે .........

(A) બધા ભાષાશિક્ષકોમાં કવિતા શીખવવાની સજ્જતા કેળવાયેલી હોતી નથી.

(B) ભાષાશિક્ષકો હોવા છતાં કવિતા શીખવતા નથી.

(C) કવિતાશિક્ષકોની અલાયદી નિમણૂંક કરવી જોઈએ.

(D) ભાષાશિક્ષકોએ કવિતાશિક્ષણમાં રસ કેળવવો જોઈએ.

151. ભાષાશિક્ષણમાં વપરાતાં દૃશ્ય-શ્રાવ્ય સાધનોને કયા કયા વિભાગમાં વર્ગીકૃત કરી શકાય ?

(A) દૃશ્ય - શ્રાવ્ય

(B) શ્રાવ્ય - મુદ્રિત

(C) મુદ્રિત - દૃશ્ય - શ્રાવ્ય - દૃશ્યશ્રાવ્ય

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

152. કસોટીની રચનામાં કઈ ત્રણ બાબતોનો ખ્યાલ રાખવામાં આવે છે ?

(A) પ્રમાણભૂતતા - વિશ્વસનીયતા - અસંદિગ્ધતા

(B) ઉપયોગિતા - વિવિધતા - સુગમતા

(C) બહુહેતુપણું - સંદિગ્ધતા - સરળતા

(D) વિશ્વસનીયતા - ગોપનિયતા - સંદિગ્ધતા

153. સુધારાત્મક નિદાનમાં જેનો સમાવેશ ન થતો હોય તેવું પગથિયું કયું છે ?

(A) કયા વિદ્યાર્થીને મુશકેલી પડે છે ?

(B) ભૂલ ક્યાં થાય છે ?

(C) ભૂલનો સ્તર કયો છે ?

(D) ભૂલ શા માટે થાય છે ?

154. પહેલા ધોરણના બાળકને માતૃભાષા શીખવવા કઈ રીત અજમાવશો ?

(A) કક્કો ઘૂંટાવીને

(B) લખીને, લખાવીને, ઘૂંટાવીને

(C) બોલીને, બોલાવીને, બતાવીને

(D) સંભળાવીને, લખાવીને, ગોખાવીને

155. 'અમૃતા ચરિત્ર નિબંધના આધારે સાચો વિકલ્પ પસંદ કરો.' - નર્મદા અમૃતાના શું થાય ?

(A) દાદી

(B) નાની

(C) ફોઈ

(D) માતા

156. માતૃભાષાના મહત્વના સંદર્ભમાં કયું વિધાન અસંગત છે ?

(A) સાંસ્કૃતિક વારસાના સંવર્ધન માટે

(B) વિરાસતનું હસ્તાંતરણ કરવા

(C) અર્થગ્રહણ કરવા માટે

(D) ભાવની અભિવ્યક્તિ માટે

157. એક વિદ્યાર્થી વાચન કરતી વખતે લઘુતાગ્રંથિ અનુભવે છે. તો તમે કયો ઉપાય કરશો ?

(A) વિદ્યાર્થીને ઠપકો આપવો.

(B) એના વાલીને જાણ કરી ઈલાજ કરાવવો.

(C) ડોક્ટરને બોલાવી ઈલાજ કરાવવો.

(D) પ્રેરક વાતાવરણ પુરૂં પાડવું

158. નીચેનામાંથી કયું વાક્યનું ઘટક નથી ?

(A) સમાસ પદ

(B) કર્તા પદ

(C) કર્મ પદ

(D) પૂરક પદ

159. નીચેનામાંથી કયો કાવ્યશિક્ષણનો હેતુ નથી ?

(A) મુશાયરામાં શ્રોતા તરીકે હાજરી આપે

(B) કવિઓની મુલાકાતોના વિવિધ કાર્યક્રમો જુએ - સાંભળે

(C) કાવ્યમાં વ્યક્ત થતી લાગણીઓનું સમસંવેદન કરે

(D) કાવ્યોનું અનુલેખન કરી શબ્દ-ભંડોળ વધારે

160. નીચેનામાંથી કયું વિધાન સામાન્ય હેતુઓના સંદર્ભે ખોટું છે ?

(A) એક વિશિષ્ટ હેતુ માટે અનેક સામાન્ય હેતુઓ હોઈ શકે.

(B) તે સમગ્ર વિષયને લાગુ પડે છે.

(C) વાર્ષિક મૂલ્યાંકન વખતે ધ્યાનમાં લેવાય છે.

(D) તેની સંકલ્પના અમૂર્ત હોય છે.

161. વ્યાખ્યાન પદ્ધતિ સફળ થવાની પૂર્વશરત કઈ છે ?
(A) કથન ઊંચા અવાજે થવું જોઈએ
(B) શિક્ષક કથનકલાનો જાણકાર હોવો જોઈએ
(C) કથન ટૂંકું, સરળ અને સ્પષ્ટ હોવું જોઈએ
(D) ઉપરોક્ત પૈકી તમામ

162. માતૃભાષાશિક્ષણમાં સાધનોના મહત્વ અંગે કયો વિકલ્પ અસંગત છે ?
(A) શિક્ષણને પ્રવૃત્તિલક્ષી બનાવે છે.
(B) શિક્ષણને પરિણામલક્ષી બનાવે છે.
(C) શિક્ષણને અધ્યેતાલક્ષી બનાવે છે.
(D) શિક્ષણને વૈવિધ્યસભર બનાવે છે.

163. કસોટી રચનામાં પ્રશ્નોના મુખ્ય પ્રકારો કયા છે ?
(A) ખરા-ખોટા, નિબંધલક્ષી, બહુવિકલ્પ
(B) નિબંધલક્ષી, તફાવત પ્રકાર, જોડકા પ્રકાર
(C) નિબંધલક્ષી, ટૂંકા, અનાત્મલક્ષી
(D) આત્મલક્ષી, સંબંધ ઘટાયક, સીમિત ઉત્તરવાળા

164. નીચેનામાંથી કયું નિદાન કસોટીનું સોપાન નથી ?
(A) કસોટીની કલમો તૈયાર કરવી.
(B) કસોટીની કલમો દ્વારા ભૂલ સુધારવી.
(C) કસોટીની કલમોની ગોઠવણી કરવી.
(D) કસોટીની કલમોની પસંદગી કરવી.

165. શિક્ષક કવિતાશિક્ષણમાં ક્યારે સફળ થાય ?
(A) સમસંવેદનશીલ હોય
(B) લય સાથે ગાન કરી શકતાં હોય
(C) શબ્દભંડોળ વધારે હોય
(D) યાદશક્તિ વધારે હોય

166. 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' એકમના આધારે નીચેનામાંથી કયું વાક્ય બંધબેસતું નથી ?
(A) વિકૃતિ એટલે સહજ સ્વભાવ
(B) પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ
(C) સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું
(D) વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું

167. ભાષાનું કયું સ્વરૂપ વધુ ટકાઉ અને વ્યાપક છે ?
(A) શ્રાવ્ય સ્વરૂપ
(B) દશ્ય સ્વરૂપ
(C) સ્પૃશ્ય સ્વરૂપ
(D) સ્વાદ્ય સ્વરૂપ

168. નીચે આપેલી પંક્તિમાં કઈ જાતિવાચક સંજ્ઞા છે ?
તેમ ગોવાળમાં ગિરિધર શોભે, હરિ હળધરનો વીરો.
(A) ગિરિધર
(B) ગોવાળ
(C) હરિ
(D) હળધર

169. બેન્જામીન બ્લૂમ અને તેમના સાથીઓએ હેતુઓને કેટલા સ્તરમાં વહેંચ્યા છે ?
(A) ચાર
(B) પાંચ
(C) છ
(D) સાત

170. કવિતા શિક્ષણનો મુખ્ય હેતુ કયો છે ?
(A) ભાવાત્મક્તાનું શિક્ષણ
(B) વાદાત્મક્તાનું શિક્ષણ
(C) રસદર્શનનું શિક્ષણ
(D) બોધાત્મક્તાનું શિક્ષણ

171. નીચેનામાંથી કયો હેતુ માતૃભાષાનો સામાન્ય હેતુ નથી ?
(A) શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે
(B) અલીડોસાનું પાત્રાલેખન કરે
(C) વાચન દ્વારા અર્થગ્રહણ કરે
(D) સાહિત્યકૃતિનો આનંદ મેળવે

172. નીચેનામાંથી કોને વ્યાખ્યાન પદ્ધતિની મર્યાદા ન ગણી શકાય ?
(A) વિષયાંતર થવાનો ભય રહેલો છે.
(B) શિક્ષકની કથનશૈલી મર્યાદારૂપ બની રહે છે.
(C) વિશેષ સાધનોની જરૂર પડતી નથી.
(D) ઉપરોક્ત પૈકી તમામ

173. ભાષાશિક્ષણમાં સહાયક સામગ્રી તરીકે પાઠ્યપુસ્તકનું શું મૂલ્ય છે ?

(A) તે મૂલગત સંદર્ભ છે.
(B) તે ગૌણ સંદર્ભ છે.
(C) તે વૈકલ્પિક સંદર્ભ છે.
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

174. નિબંધલક્ષી પ્રશ્નોની રચનામાં નીચેનામાંથી કઈ બાબત અસંગત ગણાય ?

(A) પ્રશ્નોની ભાષા સરળ હોવી જોઈએ
(B) એક પ્રશ્નમાં એકથી વધારે પેટાપ્રશ્ન આવરી લેવા જોઈએ
(C) પ્રશ્નો વિચારપ્રેરક હોવા જોઈએ
(D) પ્રશ્નો ચોક્કસ હેતુને સામે રાખી રચેલા હોવા જોઈએ

175. સી.મી. રોસે આપેલા નિદાન પ્રક્રિયાનાં સોપાનોમાં કયું અસંગત છે ?

(A) કોને મુશ્કેલી છે. ?
(B) કઈ જગ્યાએ ભૂલ થાય છે ?
(C) ભૂલનો પ્રકાર કયો ?
(D) ભૂલ કેમ અટકાવી શકાય ?

176. શિક્ષકના ગુણોના અનુસંધાને કયું અસંગત છે ?

(A) પ્રસન્નતા, સામાજિકતા
(B) મિત્રતા, નેતાગીરી
(C) સાંપ્રદાયિક્તા, રૂઢિચુસ્તતા
(D) સંવાદિતા, મુદિતા

177. 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' એકમને આધારે ભારત પાસે અદ્વિતીય એવું શું છે ?

(A) માનવસંપદા
(B) વિચારસંપદા
(C) પ્રાકૃતિકસંપદા
(D) ઉપરોક્ત પૈકી તમામ

178. ભાષાનું મૂળભૂત સ્વરૂપ કયું છે ?

(A) વાચિક
(B) શ્રાવ્ય
(C) લેખિત
(D) (A) અને (C) બંને

179. નીચેનામાંથી કયું કૌશલ અભિવ્યક્તિલક્ષી નથી ?

(A) કથન
(B) લેખન
(C) વાચન
(D) શ્રવણ

180. ગમા-અણગમા અને મનોવલણોને લગતા હેતુઓનો કયા ક્ષેત્રમાં સમાવેશ થશે ?

(A) જ્ઞાનાત્મક
(B) ભાવાત્મક
(C) ક્રિયાત્મક
(D) આસ્વાદક

181. કવિતામાં શાનું પ્રાધાન્ય હોય છે ?

(A) રસ
(B) બોધ
(C) જ્ઞાન
(D) ભાવ

182. નીચેના 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે યોગ્ય રીતે જોડો.

| અ | બ |
|---|---|
| 1. સમૂહવાચક સંજ્ઞા | a. હિમાલય, ગંગા, નારાયણ |
| 2. દ્રવ્યવાચક સંજ્ઞા | b. ટોળું, સભા, સંઘ |
| 3. વ્યક્તિવાચક સંજ્ઞા | c. સૂતેલું, ઊભું, ધ્યાનમગ્ન |
| 4. સ્થિતિવાચક સંજ્ઞા | d. સોનું, તેલ, પારો |

(A) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(B) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(D) 1 - c, 2 - a, 3 - d, 4 - b

183. નીચેનામાંથી આગમન પદ્ધતિની વિશેષતા કઈ છે ?

(A) વિદ્યાર્થી જાતે તર્કના આધારે નિર્ણય લેતા થાય છે.
(B) ગોખણપટ્ટીને અવકાશ નથી.
(C) મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત પર રચાયેલી છે.
(D) ઉપરોક્ત પૈકી તમામ

184. ભાષાશિક્ષણમાં શબ્દકોશનો ઉત્તમ ઉપયોગ ક્યારે થઈ શકે ?

(A) વ્યાકરણ શિક્ષણમાં
(B) ગદ્ય અને પદ્ય શિક્ષણમાં
(C) લેખનના શિક્ષણમાં
(D) ઉપરોક્ત પૈકી તમામ

185. નીચેનામાંથી કયું ગદ્યને લાગું પડતું નથી ?

(A) છંદ
(B) પદ
(C) વર્ણન
(D) બોધ

186. નિદાનનો તત્કાલ હેતુ કયો છે ?

(A) ભૂલ સુધારણાનો
(B) ભૂલ અટકાવવાનો
(C) ભૂલ નિવારવાનો
(D) ભૂલનું કારણ જાણવાનો

187. વર્ગમાં અપરિચિત શબ્દો શીખવવાની સૌથી અસરકારક પ્રયુક્તિ કઈ છે ?

(A) શબ્દને વાક્યમાં પ્રયોજીને
(B) પર્યાય શબ્દ આપીને
(C) વિરૂદ્ધાર્થી શબ્દ આપીને
(D) સીધો જ અર્થ પૂછીને

188. ‘યુધિષ્ઠિર યુદ્ધવિષાદ’ એકમના આધારે વ્યાસના મતે કોને અધર્મ કહેવાય ?

(A) રાજા ધનનો સંગ્રહ કરે
(B) રાજા પથારીમાં મરણ પામે
(C) રાજા દંડ આપે
(D) રાજા સમરાંગણમાં મોત પામે

189. ભાષાનાં કેટલાં સ્વરૂપ છે ?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

190. નીચેનામાંથી કયું કૌશલ નિષ્ક્રિય લાગે છે ?

(A) કથન
(B) લેખન
(C) પઠન
(D) શ્રવણ

191. ‘વિદ્યાર્થી સુરેખ અને સુવાચ્ય અક્ષરે લખતા શીખે’ આ હેતુ સિદ્ધ કરવા અધ્યેતા કેવું વર્તન કરશે ?

(A) શારીરિક
(B) ભાવાત્મક
(C) સર્જનાત્મક
(D) મનોશારીરિક

192. કવિતાને કાનની કળા શા માટે કહેવામાં આવે છે ?

(A) કવિતાને ગાઈ શકાય
(B) કવિતા સાંભળવાની કળા શીખવે છે
(C) કવિતામાં લયનું પ્રાધાન્ય હોય છે
(D) ઉપરોક્ત પૈકી તમામ

193. વાર્ષિક આયોજન બનાવતી વખતે કઈ બાબતનો ખ્યાલ રાખવો અનિવાર્ય નથી ?

(A) વર્ષમાં શિક્ષણકાર્ય માટે પ્રાપ્ય દિવસોની ગણતરી
(B) અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિની સૂચિ
(C) વેકેશનના દિવસોની ગણતરી
(D) સ્થાનિક રજાઓની ગણતરી

194. સામાન્ય પરથી વિશિષ્ટ પર લઈ જતી પદ્ધતિ એટલે ?

(A) નિગમન
(B) આગમન
(C) પ્રશ્નોત્તર
(D) અનુબંધ

195. વિશ્વકોશમાં આપેલી માહિતીનું વર્ગીકરણ કેવી રીતે કરેલ હોય છે ?

(A) અકારાદિ ક્રમે
(B) જ્ઞાનની શાખા પ્રમાણે
(C) સાલવારી પ્રમાણે
(D) અડસટ્ટે

196. 'ખતુડોશીનું શબ્દ ચિત્ર આલેખો' આ કયા પ્રકારનો પ્રશ્ન છે ?

(A) આત્મલક્ષી
(B) અનાત્મલક્ષી
(C) બહુહેતુક
(D) બહુઉત્તર

197. પાત્રોની સંખ્યા અને ભૂલોના પ્રકારનું વિશ્લેષણ કરવા માટે .......... તૈયાર કરવામાં આવે છે.

(A) ડ્રોપ બોક્સ
(B) તારણ સાંકળી
(C) પૃથક્કરણ ચાર્ટ
(D) આવૃત્તિ ચાર્ટ

198. નીચે આપેલા ગદ્યના પ્રકારની સામે તેને લાગુ પડતું વિધાન યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. વર્ણનાત્મક ગદ્ય | a. ઉદાહરણો સાથે સ્પષ્ટીકરણ |
| 2. ભાવાત્મક ગદ્ય | b. દલીલો, તર્કને પ્રાધાન્ય |
| 3. વિવરણાત્મક ગદ્ય | c. એક જ કાળ કે અવસ્થાની રજૂઆત |
| 4. વાદાત્મક ગદ્ય | d. કર્મણિ રચનાઓનો ઉપયોગ |

(A) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(B) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(C) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(D) 1 - b, 2 - d, 3 - a, 4 - c

199. 'બા એકલા જીવે' એકમમાં બા શેનાથી બીતાં નથી ?

(A) મૃત્યુ
(B) રોગ
(C) દુશ્મનો
(D) ગરીબી

200. પુખ્તવયની વ્યક્તિ દર એક સ્વરે કેટલા વ્યંજન ઉચ્ચરે છે ?

(A) બે
(B) એક
(C) અઢી
(D) દોઢ

201. બાળક વાંચતી વખતે ગભરાટ અનુભવે છે – કયું કારણ ગણાય ?

(A) શારીરિક
(B) મનોવૈજ્ઞાનિક
(C) સામાજિક
(D) અંગત

202. બ્લૂમ અને તેના સાથીદારોએ કયા પ્રકારના હેતુઓનું વિભાજન કર્યું ?

(A) જ્ઞાનાત્મક
(B) ભાવાત્મક
(C) ક્રિયાત્મક
(D) આસ્વાદક

203. શિક્ષકે કવિતા શીખવવાનો આરંભ ભાવવાહી પઠન દ્વારા શા માટે કરાવવો જોઈએ ?

(A) વિદ્યાર્થીને સંગીતનો આસ્વાદ કરાવવા
(B) કાવ્યોચિત વાતાવરણ સર્જવા
(C) વિદ્યાર્થીઓને કાવ્યાભિમુખ કરવા
(D) તાસમાં શાંતિ સ્થાપવા

204. આયોજનનું સ્વરૂપ કેવું હોવું જોઈએ ?

(A) લવચીક
(B) ચુસ્ત
(C) વિષયાનુસાર
(D) વર્ગાનુસાર

205. લાંબા ગદ્યપાઠોનું આદર્શવાચન .........

1. આખા પાઠનું કરવું જોઈએ

2. પાઠના કેટલાક અંશનું કરવું જોઈએ

3. છૂટક છૂટક ફકરાઓ વાંચવા જોઈએ

4. ટાળવું જોઈએ

(A) 2 અને 3 સાચા છે.

(B) 1 અને 3 સાચા છે.

(C) માત્ર 1 સાચો છે.

(D) 1, 2 અને 3 સાચા છે.

206. શિક્ષક - નિદર્શનીમાં સામાન્ય રીતે કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) અધ્યાપનમાં ઉપયોગી સંદર્ભ સામગ્રી

(B) પાઠ્યપુસ્તકના પરિરૂપ અને સંપાદનની વિગત

(C) શીખેલા નવા જ્ઞાનની વિગતો

(D) અધ્યાપનની નવીન રીતોની માહિતી

207. વિદ્યાર્થીઓનો અભિપ્રાય ચકાસવા કયા સ્તરનો પ્રશ્ન પૂછવો જોઈએ ?

(A) સમજ

(B) ઉપયોજન

(C) સંશ્લેષણ

(D) મૂલ્યાંકન

208. અભિક્રમિત શબ્દનો અર્થ શો થાય ?

(A) વારંવાર

(B) સમયાન્તરે

(C) ક્રમબદ્ધ

(D) નિયમાનુસાર

209. હેતુકથન સોપાન અંતર્ગત શિક્ષક ...

(A) એકમનો સારાંશ કહે છે.

(B) એકમના શીર્ષકનો ઉલ્લેખ કરે છે.

(C) એકમનું નિરૂપણ કરે છે.

(D) એકમનો પૂર્વાર્ધ કહે છે.

210. નીચેના તળપદા શબ્દોના શિષ્ટ રૂપ આપો.

| અ | બ |
|---|---|
| 1. છૈયો | a. છાપરૂં |
| 2. ધરવ | b. બળજબરી |
| 3. ઢાળિયું | c. છોકરો |
| 4. ભણી | d. તૃપ્તિ |
| | e. તરફ |

(A) 1 - c, 2 - d, 3 - a, 4 - e

(B) 1 - c, 2 - d, 3 - a, 4 - b

(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b

(D) 1 - b, 2 - e, 3 - d, 4 - a

211. ભાષાનું સૌ પ્રથમ અને અનિવાર્ય કાર્ય કયું છે ?

(A) સાહિત્યનો રસાસ્વાદ કરવાનું

(B) સંકેતોનું વ્યવહારમાં પ્રયોજન કરવાનું

(C) માનવ - માનવ વચ્ચે સંક્રમણનું

(D) વિવિધ કલાઓના રસાસ્વાદનું

212. શિક્ષણની પદ્ધતિ એટલે શું ?

(A) વિષયવસ્તુની સમજ આપવી

(B) વિષયવસ્તુનું જીવનમાં ઉપયોજન કરવું

(C) જ્ઞાન પ્રસારની વિવિધ પ્રયુક્તિઓનું મિશ્રણ

(D) ઉપરોક્ત પૈકી તમામ

213. નીચેનાં વિધાનોની સામે આપેલા હેતુઓ સાથેની યોગ્ય જોડી બનાવો.

| | |
|---|---|
| 1. વિદ્યાર્થી 'પરાજયની જીત'માં આવતી સંધિ શીખો | a. અર્થગ્રહણ |
| 2. વિદ્યાર્થી નવા શબ્દો પકડતા શીખે | b. અભિવ્યક્તિ |
| 3. વિદ્યાર્થી કાવ્યની સાથે એકરૂપ થઈને તેનું શ્રવણ કરે | c. જ્ઞાન પ્રાપ્તિ |
| 4. વિદ્યાર્થી વાતચીતમાં સરળતાથી ભાગ લે | d. આસ્વાદ |

(A) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(B) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - d, 2 - c, 3 - a, 4 - b

214. કવિતાશિક્ષણનાં સોપાનોનો ઉચિત ક્રમ પસંદ કરો.

(A) વિષયાભિમુખ – વિષયનિરૂપણ – મૂલ્યાંકન – ગૃહકાર્ય
(B) વિષયનિરૂપણ – વિષયાભિમુખ – મૂલ્યાંકન – ગૃહકાર્ય
(C) મૂલ્યાંકન – વિષયનિરૂપણ – વિષયાભિમુખ – ગૃહકાર્ય
(D) વિષયાભિમુખ – વિષયનિરૂપણ – ગૃહકાર્ય – મૂલ્યાંકન

215. વાર્ષિક આયોજનથી કોને લાભ થાય છે ?

(A) વિદ્યાર્થીને
(B) શિક્ષકને
(C) આચાર્યને
(D) ઉપરોક્ત પૈકી તમામ

216. સંશ્લેષણ પદ્ધતિની મર્યાદાઓમાં કયું વિધાન ખોટું છે ?

(A) ગોખણપટ્ટીને ઉત્તેજન આપે છે
(B) સમજશક્તિનો વિકાસ થતો નથી
(C) શિક્ષણમાં ઝડપ આવતી નથી
(D) શોધ કે ચિંતનને અવકાશ નથી

217. શિક્ષક - નિદર્શની કોની માટે ઉપયોગી છે ?

(A) શિક્ષકને નિર્દેશ આપનાર આચાર્ય માટે
(B) શિક્ષક માટે
(C) તાલીમાર્થીને માર્ગદર્શન આપનાર પ્રશિક્ષક માટે
(D) શિક્ષક અને વિદ્યાર્થી બંને માટે

218. નીચેનામાંથી અનાત્મલક્ષી પ્રશ્નોની મર્યાદા કોને ગણાવી શકાય ?

(A) વિષય ન જાણનાર ચકાસણી કરી શકે
(B) પ્રશ્નો રચવામાં ઘણો સમય જાય
(C) ગુણાંકનમાં એકસૂત્રતા રહે છે
(D) મોટાભાગના હેતુઓનું મૂલ્યાંકન શક્ય

219. અભિક્રમિત અધ્યયનમાં વિષયવસ્તુનું વિભાજન કેવી રીતે કરવામાં આવે છે ?

(A) નાના વિભાગોમાં
(B) સરળ સોપાનોમાં
(C) ક્રમાનુસાર
(D) ઉપરોક્ત પૈકી તમામ

220. 'દરેક શિક્ષક પ્રથમ ભાષાશિક્ષક છે.' કારણ કે ...

(A) દરેક શિક્ષકે ભાષા શીખવવી જોઈએ
(B) શિક્ષક દરેક વિષય બોલીને જ ભણાવે છે
(C) શિક્ષક દરેક વિષય ભાષાના માધ્યમથી જ શીખવે છે
(D) દરેક શિક્ષક ભાષાને મહત્વ આપે છે

221. નીચેની કૃતિઓમાં રહેલો કેન્દ્રસ્થ ભાવ કૃતિ સામે યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. અમૃતા | a. પ્રકૃતિ પ્રેમ |
| 2. પોસ્ટ ઑફીસ | b. મા - દીકરીનો પ્રેમ |
| 3. જુમો ભિસ્તી | c. બાપ - દીકરીનો પ્રેમ |
| 4. લોહીની સગાઈ | d. ભાઈ - બહેનનો પ્રેમ |
| | e. પશુ પ્રેમ |

(A) 1 - c, 2 - d, 3 - e, 4 - b
(B) 1 - c, 2 - c, 3 - e, 4 - b
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - b, 2 - e, 3 - d, 4 - a

222. નીચેના વાક્યોમાં વપરાયેલા નિપાત દ્વારા પ્રગટ થતા અર્થબોધને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. કામ કરનાર જ સુખી થાય | a. વાતને દૃઢ કરવાનો પ્રયાસ |
| 2. આપણે જવું જ છે ને ? | b. હાશકારાનો ભાવ |
| 3. ઓહો! ક્યાં ચાલ્યા જી ? | c. મહત્તા બતાવાઈ છે. |
| 4. અંતે તું સાચું બોલ્યો ખરો! | d. સીમા નક્કી કરવા માટે |
| | e. વિવેક બતાવવા માટે |

(A) 1 - c, 2 - a, 3 - d, 4 - e
(B) 1 - c, 2 - a, 3 - e, 4 - b
(C) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(D) 1 - d, 2 - c, 3 - e, 4 - b

223. બાળકના અક્ષર સુધારવાનો અસરકારક ઉપાય કયો છે ?
(A) જોડણીકોશનો ઉપયોગ કરવાનું કહેવું
(B) અનુલેખન - શ્રુતલેખનનો મહાવરો કરાવવો
(C) પેન યોગ્ય રીતે પકડતા શીખવવું
(D) અક્ષર સુધારણા વિષયક ઓડિયો સંભળાવવો

224. નીચે આપેલા શબ્દોની સમાનાર્થી કે વિરૂદ્ધાર્થીની યોગ્ય જોડી બનાવો.

| | |
|---|---|
| 1. મૃદુ | a. ખબર |
| 2. શોર | b. ગજબ |
| 3. ઈંગિત | c. કઠિન |
| 4. વાવડ | d. સંકેત |
| | e. શાંતિ |

(A) 1 - e, 2 - a, 3 - b, 4 - c
(B) 1 - d, 2 - c, 3 - a, 4 - b
(C) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(D) 1 - c, 2 - e, 3 - d, 4 - a

225. નીચેનામાંથી કયું વિધાન વ્યાકરણશિક્ષણનું મહત્વ દર્શાવતું નથી ?
(A) વિદ્યાર્થીની તર્કશક્તિ સતેજ બને છે
(B) ભાષાશાસ્ત્રના નિયમોની જાણકારી થાય છે
(C) ભાષા બોલવા માટે વ્યાકરણની જાણકારી અનિવાર્ય નથી
(D) લેખનશુદ્ધિ થાય છે

226. નીચેનામાંથી કયું ભાષાનું સ્વરૂપ નથી ?
(A) શ્રાવ્ય
(B) દૃશ્ય
(C) લેખિત
(D) સ્પૃશ્ય

227. ચિત્ર કેવા પ્રકારનું શૈક્ષણિક સાધન છે ?
(A) મુદ્રિત સાધન
(B) દૃષ્ટિગમ્ય
(C) શ્રુતિગમ્ય
(D) દૃષ્ટિ-શ્રુતિગમ્ય

228. નીચેનામાંથી કઈ નિષેધાત્મક પ્રકારના પ્રશ્નની વિશેષતા છે ?
(A) જેમાં વિદ્યાર્થીને ખોટો જવાબ શોધવાનો હોય
(B) જેમાં વિદ્યાર્થીને સાચો જવાબ શોધવાનો હોય
(C) નબળો અને ખોટો જવાબ શોધવાનો હોય
(D) સૌથી સરળ અને સાચો જવાબ શોધવાનો હોય

229. 'અધ્યયનચક્ર'માં નીચેનામાંથી કોનો સમાવેશ નહીં થાય ?
(A) માહિતી મેળવવી
(B) પરિણામની જાણકારી મેળવવી
(C) પ્રોત્સાહન મેળવવું
(D) પ્રતિચાર આપવો

230. નીચેના નિબંધો સામે યોગ્ય પ્રકારનો વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| 1. ઈશ્વર સર્વવ્યાપી | a. લલિત |
| 2. પ્રશ્નાર્થ | b. ચરિત્ર |
| 3. તપસ્વી સારસ્વત | c. હાસ્ય |
| 4. સખી માર્કંડી | d. પ્રવાસ |
| | e. ચિંતનાત્મક |

(A) 1 - c, 2 - d, 3 - e, 4 - b
(B) 1 - d, 2 - c, 3 - e, 4 - b
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - e, 2 - c, 3 - b, 4 - a

231. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?
(A) અસમાન વયનાં બાળકોનો ભાષાવિકાસ સમાન હોય છે.
(B) સમાન વયનાં બાળકોનો ભાષાવિકાસ સમાન હોય છે.
(C) સમાન વયનાં બાળકોનો ભાષાવિકાસ સમાન હોતો નથી.
(D) અસમાન વયના બાળકોનો ભાષાવિકાસ અસમાન હોતો નથી.

232. કયા સર્જકે માતૃભાષાના સંવર્ધન માટે 'માતૃભાષા વંદના યાત્રા'નું આયોજન કર્યું હતું ?
(A) ભગવતીકુમાર શર્મા
(B) નારાયણ દેસાઈ
(C) ગણેશ દેવી
(D) ગુણવંત શાહ

233. જુદી જુદી અને છૂટી છૂટી માહિતીનું સંયોજન કરી નવા વિચારો કે નવી માહિતીનું સર્જન કરવું એટલે ...
(A) સમજ
(B) જ્ઞાનપ્રાપ્તિ
(C) ઉપયોજન
(D) સંશ્લેષણ

234. ગદ્ય-પદ્યના શિક્ષણ સાથે વ્યાકરણને વણી લેવું એ કઈ પદ્ધતિની વિશેષતા છે ?
(A) અનુબંધ
(B) ભાષા સંસર્ગ
(C) આગમન
(D) નિગમન

235. વિદ્યાર્થીને સમયપત્રક અને શાળાથી સ્વાતંત્ર્ય કઈ પદ્ધતિ અર્પે છે ?
(A) ડોલ્ટન યોજના
(B) જૂથ ચર્ચા
(C) નિરીક્ષિત - અભ્યાસ પદ્ધતિ
(D) ઉપરોક્ત પૈકી તમામ

236. ભાષાશિક્ષણમાં ચાર્ટ્સની ઉપયોગિતા દર્શાવો.
(A) ગુજરાતી ભાષાનો વિકાસક્રમ દર્શાવવા
(B) સાહિત્ય સ્વરૂપોની તુલના કરવામાં
(C) સાહિત્યકારોનો પરિચય કરાવવા
(D) ઉપરોક્ત પૈકી તમામ

237. નીચેનામાંથી કઈ કસોટીને પ્રમાણિત ગણવામાં આવે છે ?
(A) તાસ મૂલ્યાંકન કસોટી
(B) વાર્ષિક કસોટી
(C) એકમ કસોટી
(D) રસ સંશોધિની

238. 'પ્રયોગ મંદિર' શબ્દ કઈ પદ્ધતિ સાથે સંબંધિત છે ?

(A) નિરીક્ષિત અભ્યાસ
(B) ડોલ્ટન યોજના
(C) નિદર્શન - પ્રયોગ
(D) જૂથચર્ચા

239. સક્રિયતાનો સિદ્ધાંત નીચેના કયા વિધાનને લાગુ પડશે ?

(A) વિદ્યાર્થી પોતાની શક્તિ અનુસાર ક્રિયાશીલ બની ગતિ કરશે.
(B) પરિણામની જાણ તરત કરવામાં આવશે.
(C) વિદ્યાર્થી પગથિયાં ચડતો આગળ વધે છે.
(D) શક્તિ મુજબ ગતિ-પ્રગતિ કરે છે.

240. નીચેની કાવ્યપંક્તિઓ સાથે તેના કવિનું નામ યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. મારી આંખે કંકુના સૂરજ આથમ્યા | a. રાજેન્દ્ર શાહ |
| 2. ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા | b. વેણીભાઈ પુરોહિત |
| 3. લ્યો કરૂં કોશિશને ફાવે તો કહું | c. પ્રિયકાન્ત મણિયાર |
| 4. આ નભ ઝૂક્યું તે કાનજી ને વાદળી તે રાધા રે... | d. ઉમાશંકર જોષી |
| | e. રાવજી પટેલ |

(A) 1 - c, 2 - d, 3 - e, 4 - b
(B) 1 - d, 2 - c, 3 - e, 4 - b
(C) 1 - e, 2 - d, 3 - a, 4 - c
(D) 1 - b, 2 - e, 3 - d, 4 - a

241. 'ભાષા જાય તો સંસ્કૃતિ જાય' આ વિધાન કોનું છે ?

(A) ફાધર વાલેસ
(B) કવિ ખબરદાર
(C) ઉમાશંકર જોષી
(D) વિનોબા ભાવે

242. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ જૂથ ચર્ચા કરી રહ્યા છે – આને કેવી પ્રવૃત્તિ કહેશો ?

(A) શિક્ષકકેન્દ્રી
(B) કેન્દ્રવિહિન
(C) વિદ્યાર્થીકેન્દ્રી
(D) જૂથકેન્દ્રી

243. ભારતીય કાવ્યમીમાંસામાં કવિતાના આનંદને કેવો કહ્યો છે ?

(A) આનંદ સહોદર
(B) ભ્રમાનંદ સહોદર
(C) બ્રહ્માનંદ સહોદર
(D) સૌન્દર્ય સ્વરૂપ

244. ફ્લેશકાર્ડનું કદ સામાન્ય રીતે કેટલું હોય છે ?

(A) A4 સાઈઝ
(B) પોસ્ટકાર્ડ
(C) રેવન્યૂ
(D) ક્રાઉન

245. ક્રિયાત્મક કસોટીમાં નીચેનામાંથી કોનો સમાવેશ કરવામાં આવશે ?

(A) વિદ્યાર્થીને પ્રશ્ન પૂછી તેનું પૂર્વજ્ઞાન જાણવું
(B) વિદ્યાર્થીને કાવ્યને આધારે ચિત્ર દોરવાનું કહેવું
(C) વિદ્યાર્થીને કોઈ ચાર્ટનું નિરીક્ષણ કરવાનું કહેવું
(D) વિદ્યાર્થીને પોતાના જીવન પ્રસંગોનું આલેખન કરવાનું કહેવું

246. નીચેનામાંથી કયું / કયા અભિક્રમિત અધ્યયનની મર્યાદાનો નિર્દેશ કરે છે ?

(A) શિક્ષકનો બોજ ઘટે છે
(B) વિષયવસ્તુનું ટૂકડે ટૂકડે અધ્યયન થાય છે
(C) વ્યક્તિગત તફાવતનો પ્રશ્ન ઉકલી જાય છે
(D) ઉપરોક્ત પૈકી તમામ

247. નીચેના બિરૂદ સામે યોગ્ય વિદ્વાનનું નામ લખો.

| | |
|---|---|
| 1. મૂછાળી મા | a. નાનાભાઈ ભટ્ટ |
| 2. રાષ્ટ્રીય શાયર | b. કેશવરામ શાસ્ત્રી |
| 3. સવાઈ ગુજરાતી | c. ગિજુભાઈ બધેકા |
| 4. મહામહિમો પાધ્યાય | d. કાકા કાલેલકર |
| | e. ઝવેરચંદ મેઘાણી |

(A) 1 - c, 2 - e, 3 - d, 4 - b
(B) 1 - d, 2 - c, 3 - e, 4 - b
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - b, 2 - e, 3 - d, 4 - a

248. બાળક કઈ વયથી સાદી સૂચનાઓને અનુસરે છે ?

(A) 10 માસ
(B) 12 માસ
(C) 9 માસ
(D) 18 માસ

249. નીચેનામાંથી કયો પ્રોજેક્ટ પદ્ધતિનો સિદ્ધાંત નથી ?

(A) હેતુનો સિદ્ધાંત
(B) ક્રિયાશીલતાનો સિદ્ધાંત
(C) ઉપચારનો સિદ્ધાંત
(D) ઉપયોગિતાનો સિદ્ધાંત

250. કવિતામાંથી મળતો આનંદ વિદ્યાર્થીઓને .......... સ્વાસ્થ્ય અર્પે છે.

(A) મનોશારીરિક
(B) માનસિક
(C) સાંવેગિક
(D) શારીરિક

251. વિદ્યાર્થીની લેખિત અભિવ્યક્તિ કથળવાનું મુખ્ય કારણ કયું છે ?

(A) લેખન સુધારણા પર ગંભીરતાપૂર્વક ધ્યાન અપાતું નથી
(B) લેખનનું આયોજન અનુબંધ સાથે થતું નથી
(C) માત્ર પાઠ્યપુસ્તકને જ મહત્વ અપાય છે
(D) શિક્ષક લેખન તપાસ યાંત્રિક રીતે કરે છે

252. ખાલી જગ્યા માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.
કથન .......... નો આવિષ્કાર છે.

(A) વિચાર
(B) વાક્ય
(C) વકતૃત્વ
(D) વાણી

253. ભીંતપત્રને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) ચાર્ટ્સ
(B) બુલેટિન બોર્ડ
(C) ફ્લેશકાર્ડ
(D) ચોક બોર્ડ

254. વિદ્યાર્થીમાં કયું ગુણ-લક્ષણ અસ્તિત્વ ધરાવે છે તેની ચકાસણી માટે કયું ઉપકરણ વધુ યોગ્ય ગણાય ?

(A) ઓળખયાદી
(B) નિદાન કસોટી
(C) વ્યક્તિત્વ માપન કસોટી
(D) સિદ્ધિ કસોટી

255. શાળામાં ભાષામંડળની રચના શા માટે કરવામાં આવે છે ?

(A) વિદ્યાર્થીનો ક્રિયાત્મક વિકાસ સાધવા
(B) શાળાકીય વાતાવરણમાં રહેલી નીરસતાને નિવારવા
(C) અધ્યેતામાં ઉત્સાહ અને જીજ્ઞાસા વધારવા
(D) ઉપરોક્ત પૈકી તમામ

256. નીચેના સર્જકોને તેના કાળ સાથે જોડો.

| | |
|---|---|
| 1. ધૂમકેતુ | a. આધુનિક યુગ |
| 2. સહજાનંદ સ્વામી | b. પંડિત યુગ |
| 3. નવલરામ | c. ગાંધી યુગ |
| 4. કલાપી | d. મધ્યકાળ |
| | e. સુધારક યુગ |

(A) 1 - c, 2 - d, 3 - e, 4 - a
(B) 1 - d, 2 - c, 3 - e, 4 - b
(C) 1 - c, 2 - d, 3 - e, 4 - b
(D) 1 - b, 2 - e, 3 - d, 4 - a

257. નીચેનામાંથી અર્ધસ્વર તરીકે ઓળખાતા ધ્વનિઓ કયા છે ?
(A) ઈ, ઉ
(B) અ, આ
(C) ય, વ
(D) ઉપરોક્ત પૈકી તમામ

258. વિવિધ ભાષાકીય કૌશલોનો વિકાસ શાની સાથે ગાઢ સંબંધ ધરાવે છે ?
(A) બાળકને મળતા વાતાવરણ
(B) બાળકને મળતી ભૌતિક સુવિધાઓ
(C) બાળકની માનસિક વય
(D) બાળકનો શારીરિક વિકાસ

259. નૃત્ય એ ..........
(A) દૃશ્ય સ્વરૂપ છે
(B) દૃશ્ય અને શ્રાવ્ય સ્વરૂપ છે
(C) દૃશ્ય, શ્રાવ્ય અને સ્પૃશ્ય સ્વરૂપ છે
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

260. વ્યાકરણ શીખવવાની કઈ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક ગણાય છે ?
(A) નિગમન પદ્ધતિ
(B) અનુબંધ પદ્ધતિ
(C) આગમન પદ્ધતિ
(D) શિક્ષક ઈચ્છે તે પદ્ધતિ

261. વિદ્યાર્થીની લેખિત અભિવ્યક્તિના સુધાર માટે કયો ઉપાય વધારે કારગત ગણાય ?
(A) બાળકો સુરેખ, સુવાચ્ય હસ્તાક્ષરમાં લખે એવો આગ્રહ
(B) બાળકો સામે લેખનના ઉત્તમ નમૂના વાંચી શકાય
(C) વિદ્યાર્થીના શબ્દભંડોળમાં વૃદ્ધિ માટે ઈતરવાચનનો આગ્રહ કરાય
(D) બાળકોની કલ્પનાશક્તિ સતેજ બનાવવા પ્રયાસો હાથ ધરાય

262. ભાષાના કૌશલો શીખવાનો મનોવૈજ્ઞાનિક ક્રમ કયો છે ?
(A) કથન – વાચન – લેખન – શ્રવણ
(B) શ્રવણ – કથન – વાચન – લેખન
(C) લેખન – વાચન – કથન – શ્રવણ
(D) લેખન – વાચન – શ્રવણ – કથન

263. ભાષા પ્રયોગશાળાના મુખ્ય બે પ્રકાર કયા છે ?
(A) લેખન પ્રયોગશાળા અને વાચન પ્રયોગશાળા
(B) ગદ્ય-પદ્ય પ્રયોગશાળા અને વ્યાકરણ પ્રયોગશાળા
(C) શૈક્ષણિક ભાષા પ્રયોગ શાળા અને સંશોધનાત્મક ભાષા પ્રયોગશાળા
(D) શબ્દ ભંડોળ પ્રયોગશાળા અને ઉચ્ચારણશાસ્ત્ર પ્રયોગશાળા

264. મૌખિક કસોટી દ્વારા શિક્ષણના કયા હેતુઓ સિદ્ધ કરી શકાય ?
(A) જ્ઞાન
(B) સંશ્લેષણ
(C) ઉપયોજન
(D) ઉપરોક્ત પૈકી તમામ

265. ભાષામંડળની અસરકારકતા માટે શું જરૂરી છે ?

(A) મંડળની પ્રવૃત્તિમાં વૈવિધ્ય
(B) આચાર્યનું આર્થિક પ્રોત્સાહન
(C) વાલીઓની ભાગીદારી
(D) દાતાઓની સખાવત

266. જોડણીના ભેદથી જુદા અર્થ આપતા શબ્દની યોગ્ય જોડ ગોઠવો.

| | |
|---|---|
| 1. ખચિત | a. વૃક્ષ |
| 2. ખચીત | b. મદ્ય |
| 3. દારુ | c. ખીચોખીચ |
| 4. દારૂ | d. ખસવું |
| | e. ચોક્કસ |

(A) 1 - c, 2 - e, 3 - a, 4 - b
(B) 1 - d, 2 - c, 3 - e, 4 - b
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - b, 2 - e, 3 - d, 4 - a

267. નીચેનામાંથી સંઘર્ષી વ્યંજન .......... છે.

(A) ક ખ ગ
(B) ત થ દ
(C) સ શ હ
(D) પ ફ બ

268. નીચેનામાંથી કઈ લેખન અભિવ્યક્તિની ઉણપ નથી ?

(A) અનુસ્વારની ભૂલો
(B) સુવાચ્ય અક્ષરોનો અભાવ
(C) શબ્દભેદ પારખવાની શક્તિનો અભાવ
(D) વર્ણનશક્તિનો અભાવ

269. કાવ્યશિક્ષણમાં કાવ્યનું ખરૂં સૌન્દર્ય માણવા ..........

(A) કવિની સંવેદનાને સ્ફુટ કરતાં કરતાં કાવ્ય સમજાવવું જોઈએ.
(B) કાવ્યના અર્થો સમજાવવા જોઈએ.
(C) કાવ્યની એક એક પંક્તિ સમજાવવી જોઈએ.
(D) હેતુલક્ષી પ્રશ્નો પૂછીને કાવ્ય સમજાવવું જોઈએ.

270. શિક્ષણની પ્રક્રિયાનું આરંભ બિંદુ કયું છે ?

(A) વર્ગ - વ્યવહાર
(B) શૈક્ષણિક સાધનો
(C) શૈક્ષણિક હેતુઓ
(D) શૈક્ષણિક પ્રવૃત્તિઓ

271. નીચેનામાંથી કયું અહેવાલ લેખનને લાગું પડતું નથી ?

(A) કાર્યક્રમ, પ્રસંગ, ઘટનાનું યથાતથ વર્ણન
(B) પ્રસંગ, કાર્યક્રમ, ઘટનાનું ક્રમિક વર્ણન
(C) સાહિત્યિક ભાષા પ્રયોજવી
(D) અગત્યની વીગતો ચૂકી ન જવી

272. હસ્તાક્ષર, કાવ્યપઠન જેવી બાબતોના મૂલ્યાંકન માટે સૌથી પ્રચલિત અને યોગ્ય સાધન કયું છે ?

(A) ક્રમ માપદંડ
(B) ચેકલીસ્ટ
(C) વિકાસ પત્રિકા
(D) અવલોકન

273. શાળા પરિસરમાં ભાષાખંડનું સ્થાન કેવું પસંદ કરવું જોઈએ ?

(A) શાળાની દક્ષિણ દિશામાં
(B) વર્ગખંડની બાજુમાં
(C) શાળાની બરાબર મધ્યમાં
(D) શાળામાં જ્યાં બાહ્ય વિક્ષેપો ઓછા હોય

274. નીચેના શબ્દસમૂહોને એક શબ્દ સાથે જોડો.

| | |
|---|---|
| 1. ધીરજ રાખવી | a. ઉપરણું |
| 2. ખભે નાખવાનું વસ્ત્ર | b. ભાળવણી |
| 3. સોપણી કરવી | c. અડવું |
| 4. શણગાર વિનાનું | d. સબૂર |
| | e. પીતાંબર |

(A) 1 - d, 2 - e, 3 - b, 4 - c
(B) 1 - b, 2 - e, 3 - d, 4 - a
(C) 1 - d, 2 - a, 3 - b, 4 - c
(D) 1 - d, 2 - c, 3 - d, 4 - e

275. નીચેનામાંથી મૂર્ધન્ય વર્ણો કયા છે ?

(A) ક ખ ગ ઘ
(B) ટ ઠ ડ ઢ
(C) ત થ દ ધ
(D) પ ફ બ ભ

276. વ્યાકરણનું શિક્ષણ શા માટે જરૂરી છે ?

(A) તે ભાષા બોલતા શીખવે છે.
(B) તે ભાષા સમજવામાં ઉપયોગી છે.
(C) તે ભાષા લખવામાં ઉપયોગી છે.
(D) ઉપરોક્ત પૈકી તમામ

277. નીચેનામાંથી કયું લેખિત અભિવ્યક્તિનું સ્વરૂપ નથી ?

(A) સમીક્ષા
(B) અહેવાલ
(C) ચર્ચાપત્ર
(D) વકતવ્ય

278. કયા જૂથમાં એક શબ્દ સમૂહ દર્શક નથી ?

(A) વર્ગ, સંઘ, ઘટા
(B) વનરાઈ, કતાર, ઝાડી
(C) વેલ, મંડળ, જમાત
(D) હાર, ગણ, ઘણ

279. માતૃભાષાના શિક્ષણમાં અર્થગ્રહણ નામનો ઉદ્દેશ કયાં કૌશલોથી સિદ્ધ થાય ?

(A) શ્રવણ અને વાચન
(B) આસ્વાદ અને લેખન
(C) લેખન અને મુખપાઠ
(D) કથન અને અભિવ્યક્તિ

280. ભાષાસાહિત્ય મંડળ દ્વારા કઈ સહાભ્યાસિક પ્રવૃત્તિ થઈ શકે ?

(A) પ્રવાસ - પર્યટન
(B) ભીંતપત્ર સજાવટ
(C) પ્રદર્શનો
(D) ઉપરોક્ત પૈકી તમામ

281. નીચેના શબ્દોનો સમાસ ઓળખી યોગ્ય જોડ બનાવો.

| | |
|---|---|
| 1. બીજે ત્રીજે | a. મધ્યમપદલોપી |
| 2. મરણ શરણ | b. દ્વિગુ |
| 3. ચોમાસું | c. તત્પુરૂષ |
| 4. પાણીકળો | d. દ્વન્દ્વ |
| | e. ઉપપદ |

(A) 1 - c, 2 - d, 3 - e, 4 - b
(B) 1 - d, 2 - c, 3 - b, 4 - e
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - b, 2 - e, 3 - d, 4 - a

282. જોડાક્ષર ક્યારે બને છે ?

(A) સ્વર સાથે સ્વર જોડાય
(B) સ્વર સાથે વ્યંજન જોડાય
(C) વ્યંજન સાથે વ્યંજન જોડાય
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિં

283. સંધિના નિયમનું દૃઢીકરણ કરાવવા કઈ પદ્ધતિ વધારે કારગત નીવડે ?

(A) આગમન
(B) નિગમન
(C) વિશ્લેષણ
(D) અનુબંધ

284. વ્યાકરણના ટૂંકજવાબી પ્રશ્નો નીચેના કયા ઉદ્દેશને સિદ્ધ નહીં કરે ?

(A) આસ્વાદ
(B) જ્ઞાન
(C) અર્થગ્રહણ
(D) ઉપયોજન

285. 'નીચે આપેલા સંધિના ઉદાહરણ પરથી નિયમ તારવો.' — આ પ્રશ્નનો જવાબ વિદ્યાર્થીની કઈ સજ્જતા માપશે ?

(A) આસ્વાદ
(B) અર્થગ્રહણ
(C) સંશ્લેષણ
(D) અભિવ્યક્તિ

286. નીચેની કાવ્યપંક્તિઓને તેના યોગ્ય છંદ સાથે જોડો.

| | |
|---|---|
| 1. ઈલા! સ્મરે છે અહીં એક વેળા, આ ચોતરે આપણ બે રમતાં | a. વંશસ્થ |
| 2. હું માનવી માનવ થાઉં તો ઘણું | b. માલિની |
| 3. સબળ હૃદય ઈચ્છે પાપીને પ્રેમ પાવા | c. વસંત તિલકા |
| 4. છે માનવજીવનની ઘટમાળ હેવી, દુ:ખ પ્રધાન સુખ અલ્પ ભરેલી | d. ઈન્દ્રવજ્રા |

(A) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(B) 1 - d, 2 - c, 3 - a, 4 - b
(C) 1 - d, 2 - a, 3 - b, 4 - c
(D) 1 - b, 2 - c, 3 - d, 4 - a

287. નીચેના સર્જકોના નામ સાથે જોડાઈ ગયેલા સાહિત્ય સ્વરૂપની ખોટી જોડી શોધો.

(A) પ્રેમાનંદ — આખ્યાન
(B) દયારામ — પદ
(C) ધીરો — કાફી
(D) શામળ — પદ્યવાર્તા

288. નીચેના સર્જકોના નામ સાથે જોડાઈ ગયેલા સાહિત્ય સ્વરૂપની સાચી જોડી પસંદ કરો.

(A) સુન્દરમ્ — હાઈકુ
(B) સ્નેહરશ્મિ — લઘુકથા
(C) બ.ક. ઠાકોર — સોનેટ
(D) કાન્ત — ખંડકાવ્ય

289. નીચે આપેલાં તખલ્લુસ અને કવિના નામની યોગ્ય જોડી બનાવો.

| | |
|---|---|
| 1. ધૂમકેતુ | a. કનૈયાલાલ મુનશી |
| 2. સ્નેહરશ્મિ | b. લાભશંકર ઠાકુર |
| 3. ઘનશ્યામ | c. ગૌરીશંકર જોષી |
| 4. પુનર્વસુ | d. મણિશંકર ભટ્ટ |
| | e. ઝીણાભાઈ દેસાઈ |

(A) 1 - c, 2 - e, 3 - d, 4 - b
(B) 1 - c, 2 - d, 3 - e, 4 - b
(C) 1 - c, 2 - e, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

290. નીચેના વિધાનોમાં અનુસ્વાર વિષયક ભૂલવાળું વિધાન શોધો.

(A) રાતા બળદ દોડી રહ્યા હતા.
(B) રાતાં પાન ખરી રહ્યાં હતાં.
(C) આ શેત્રુંજય પર્વતના મંદિરો છે.
(D) આ શેત્રુંજય પર્વતના પથ્થરો છે.

291. નીચેના શબ્દોમાં કયા બે વર્ણનું જોડાણ છે ?

| | |
|---|---|
| 1. વિદ્યાર્થી | a. હ + ર |
| 2. અધ્ધર | b. દ્ + દ |
| 3. મુદ્દલ | c. ધ્ + ય |
| 4. હ્રસ્વ | d. દ્ + ય |
| | e. ધ્ + ધ |

(A) 1 - d, 2 - e, 3 - b, 4 - a
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - e
(C) 1 - c, 2 - a, 3 - b, 4 - e
(D) 1 - e, 2 - d, 3 - e, 4 - a

292. જોડણીભેદથી જુદો અર્થ આપતી યોગ્ય જોડી શોધો.

| | |
|---|---|
| 1. વારિ | a. એકાંત |
| 2. વારી | b. પંખો |
| 3. વિજન | c. ઘોડો |
| 4. વીજન | d. હાથ |
| | e. પાણી |

(A) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(B) 1 - e, 2 - c, 3 - a, 4 - b
(C) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(D) 1 - b, 2 - e, 3 - d, 4 - a

293. નીચેના જોડાક્ષરોમાં ખોટી જોડ શોધો.

(A) દ્ + ધ ... શુદ્ધ
(B) સ્ + ર ... સ્રાવ
(C) સ્ + ર ... શસ્ત્ર
(D) શ્ + ર ... શ્રવણ

294. નીચેના વિધાનોમાં અનુસ્વારની ભૂલ વિનાનું વિધાન શોધો.

(A) આ નાના ગામોમાં લોકો સુખી છે.
(B) આ લીલા પાનને ચીરી નાખો.
(C) આ પાકાં કેળામાંથી માવો તૈયાર કરો.
(D) પાકાં કેળાં તો મીઠાં જ હોયને!

295. નીચેનામાંથી અવિકારી સંજ્ઞાઓનું જૂથ અલગ તારવો.

(A) લીંબુ, કેળું, સસલું
(B) લીંબુ, ચીકુ, જાંબુ
(C) હિમ્મત, સિક્કો, આંસુ
(D) સસલું, કેળું, હિમ્મત

296. નીચેનામાંથી વિકારી સંજ્ઞાઓનું જૂથ અલગ તારવો.

(A) કાબર, માયા, ટેક
(B) પારેવું, ધનેડું, દરિયો
(C) સ્વભાવ, સમય, શરમ
(D) જતિ, આકાશ, શક્તિશાળી

297. નીચેનામાંથી અશુદ્ધ વિધાન જુદું તારવો.

(A) કૂતરૂં ગોળ ખાઈ રહ્યું હતું.
(B) બાબુ નાટકમાં મંદોદરી બન્યો હતો.
(C) સવિનય સાથ જણાવવાનું કે.
(D) જાફર નામનો એક નવાબ હતો.

298. નીચેનામાંથી શુદ્ધ વિધાન જુદું તારવો.

(A) તમે અમારા પ્રસંગમાં સહકુટુંબ સાથે પધારશો.
(B) હું વાયા ડાકોર થઈને આણંદ ગયો.
(C) તે સજ્જન માણસ છે.
(D) દરેક બાળક સારા ગુણથી પાસ થયો.

299. કોરોનાકાળ દરમિયાન ઓનલાઈન ક્લાસ લેવા માટે ગુજરાત સરકાર દ્વારા કઈ એપ્લીકેશન ઉપલબ્ધ કરાવાઈ ?

(A) માઈક્રોસોફ્ટ ટીમ્સ
(B) ઝૂમ
(C) ગુગલ મીટ
(D) સ્કાઈપી

300. ગુજરાતી વિષયમાં સંદર્ભ તરીકે ઉપયોગી સાહિત્યિક સામયિકોનું કયું જૂથ સાચું છે ?

(A) પરબ, તાદર્થ્ય, એતદ
(B) ચિત્રલેખા, અભિયાન, વિજ્ઞાનદર્શન
(C) અચલા, પ્રગતિશીલ શિક્ષણ
(D) સમણું, અચલા, કોડિયું